**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa from Website 'SWARGAROHAN.ORG'

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સ્મરણાંજલિ–શ્રદ્ધાંજલિ | મા સર્વેશ્વરી | ૩ |
| ગ્રાહકોને ખાસ સૂચના | તંત્રી | ૪ |
| મહાપુરુષોનો મુક્ત વિહાર | મા સર્વેશ્વરી | ૫ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| સ્મરણાંજલિ–શ્રદ્ધાંજલિ | નારાયણ હ. જાની | ૧૧ |
| સાક્ષાત્કાર–સગુણ નિર્ગુણ | પૂ.શ્રી મોટા | ૪૧ |
| પૂ.માના સાન્નિધ્યમાં નવરાત્રિ નંદગૃહિ | આશા ભક્ત | ૪૨ |
| પનામાના પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૪૭ |
| શ્રી યોગેશ્વરજીનુ સંક્ષિપ્ત જીવન ચરિત્ર | ડૉ. અરૂણિકા મનોજ દરૂ | ૫૨ |
| જવાબદાર મુમુક્ષુના લક્ષણો | પૂ. ગુરુદેવ શ્રી રાકેશભાઇ | ૩૦ |
| પનામાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૩૪ |
| સાક્ષાત્કાર–સગુણ–નિર્ગુણ | પૂ. શ્રી મોટા | ૫૫ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સ્મરણાંજલિ–શ્રદ્ધાંજલિ

સ્વલ્પ આયુષ્યની પ્રત્યેક પળ જાણે પરોપકારે વીતાવી અને શિક્ષણ ક્ષેત્રે સર્વશ્રેષ્ઠ કક્ષા પ્રાપ્ત કરી. કીર્તિનો સૂર્ય મધ્યાહ્ને છતાં અતિનિયમિત પ્રાર્થનાનો ક્રમ પાળતા.

હે જાગાણી! આપ તો જાગ્યા અને અનેકને જગાડતા રહ્યા. અનેક બુઝાતા કોડિયાની વાટો આપ સંકોરતા રહ્યા. અધ્યાત્મના સમર્પિત ભક્ત–સેવક, આપે પરિવારના આધારસ્તંભ બનીને સર્વ ફરજો શ્રેષ્ઠ રીતે બજાવી છે.

ભાવનગર યુનિવર્સીટી માટે તો આપે વ્યક્તિ મટીને હરતી ફરતી સંસ્થાનું રૂપ ધારણ કર્યું.

આપની અનેકવિધ વિશેષતાને "સ્વર્ગારોહણ પરિવાર, અધ્યાત્મનો સંચાલક અને વાચક વર્ગ, સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ વારંવાર વંદન કરે છે. આપની યાત્રા ખૂબ શુભ–મંગલ હો."

**–મા સર્વેશ્વરી**

**યોગેશ્વર પરિવાર**



# ગ્રાહકોને ખાસ સૂચના

અધ્યાત્મના વાંચકો તેમજ ગ્રાહકોને ખાસ નોંધ લેવા વિનંતિ છે કે અધ્યાત્મ પરિવારના સહાયક એવા ડૉ. બી. જે. જાગાણીનો સ્વર્ગવાસ થઇ ગયો હોવાથી તેમના સરનામે કોઈ M.O. કે ટપાલ ના લખે.

તે માટે તેઓ નારાયણ હ. જાની, તંત્રી અધ્યાત્મ, ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર–૧ ને M.O કે પત્ર મોકલી શકે છે.

**–તંત્રી, અધ્યાત્મ**

My dear Readers, kindly take a note of the fact that–our dear, beloved Dr. B. J. Jagani is no more. He expired on 09–02–12 by the severe heart attack. It is a goeat loss to his family. Bhavnagar university and ADHATMA Parivar. Pray–May his soul rest in peace.

Editor

Note:– So no more
Correspondence to his
address,
Bhavnagar–date 10–02–12

# મહાપુરુષોનો મુક્ત વિહાર

**– મા સર્વેશ્વરી**

પૂ.શ્રી યોગેશ્વરજીની સ્થૂલ વિદાય પછીનાં ૨૦ વર્ષોમાં પૂ.મા શું ને કેવું અનુભવી રહ્યાં છે તે વાતો તેઓએ શ્રી મહાપુરુષનો મુક્તવિહારમાં વર્ણવી છે.

આ વાતો પૂ.માના સાધના દિન ૦૫–૦૨–૨૦૦૫ની નિત્ય નોંધનો એક ભાગ છે. તા.૧૮–માર્ચ, ૧૯૮૪ થી પ્રારંભ પામેલી એ સૂક્ષ્મ દેહની યાત્રા પૂ.માના ભૌતિક જીવનમાં પણ કેવું અદ્‌ભુત સ્થૂલ આંખે જોઇ શકાય તેવું કાર્ય કરી રહી છે, તે કોઈપણ જોઇ શકે છે.

પૂ.મહાત્માજીની ભૌતિક વિદાય પહેલાં એટલે તા.૧૮–૦૩–૮૪ પહેલા અમે એ પ્રત્યક્ષ નિહાળેલું કે પૂ.માથી ખાસ ભૂખ્યાં રહી શકાતું નહીં. તેથી તેઓ અગિયારસનો ઉપવાસ પણ ફરાળ કરીને કરતાં તેથી પૂ.શ્રી પણ ફરાળ લેતા. આવી એક વ્યક્તિ ૨૦ વર્ષ સુધી અન્ન વગરના ઉપવાસો કરી રહી શકે તે શું અશક્ય નથી લાગતું? આ વાત જ એ સાબિત કરવા પૂરતી છે કે એવી કોઇ શક્તિ જરૂર છે, જે પૂ.માના આ અખંડ ઉપવાસોમાં તેમનામાં શક્તિ સિંચન કરતી રહે છે. સહાય અને સાથ ધરી રહી છે.

**– તંત્રી**

ઉગતી યુવાનીમાં પૂ.શ્રી યોગેશ્વરજીનું દર્શન ૧૯૭૧માં સૂર્યપૂરીમાં પામ્યાં, એ ધન્યક્ષણ હતી. સંતદર્શનનો સંસ્પર્શ પ્રારંભ પામ્યો. શ્રી મુખથી વહેતી જ્ઞાનગંગાનું પાન થયું એ



વાક્‌શક્તિ ઉર ને ઉજાળતી રહી. કાયાપલટ કરતી રહી. એ સંતપુરુષ પૂજ્ય અને આદર્શ લાગ્યા. ગુરુપદે સ્થાપવા જેવા લાગ્યા અને ક્રમે ક્રમે સદ્‌ગુરુ લાગ્યા. પરમગુરુ તરીકે વધાવ્યા અને અંતે તો જીવનના સર્વસ્વ લાગ્યા.

સંતપુરુષમાંથી સર્વસ્વ તરીકે સ્વીકારવા કૃપા કે સંકલ્પ અથવા પુરુષાર્થ કે પાત્રતા શું મહત્ત્વનું હશે? કોણ કહી શકે?

સંતદર્શનથી એ યાત્રા પ્રારંભ પામી ૧૮ માર્ચ ૧૯૮૪ એ અધ્યાત્મ યાત્રા ક્ષણિક વિરામ પામી. જગતે નોંધ લીધી કે સંતદર્શને મહાપ્રયાણ કર્યું.

ફરીથી એ સંતદર્શન, સંનિધિ સુખ પામવા મથામણની એ વાટને વિરહવ્યથાથી પવિત્ર કરવાની પ્રવૃત્તિ પ્રારંભ પામી. જેને સાધનાનું નામ પણ આપી શકાય. એ પ્રવૃત્તિને ૨૦ વર્ષ થઇ ગયાં.

આ વીસ વરસ કોણે આ જીવન ધબકતું રાખ્યું? અનુભવે લાગે છે કે સ્થૂળ સાંનિધ્ય કરતાં પણ અધિક સૂક્ષ્મ સંનિધિથી પામ્યાં. સૂક્ષ્મ સ્વરૂપે સંતપુરુષ સઘળું ધરી શકે છે.

તટસ્થ રીતે જોતાં લાગે છે કે સ્થૂળ સાંનિધ્યે એક ઉપવાસનો નિયમ પણ જરા ભારે લાગતો. ૧૯૮૪ થી સૂક્ષ્મ સાંનિધ્યે તે નિયમ સહજ રીતે સરસ રીતે હળવે રહીને જીવનમાં ભળી ગયો છે. સ્થૂળ સાંનિધ્યે એકાદશી કે ગુરુવારનું નાનકડું મૌનવ્રત હવે ૧૯૯૫ થી સતત સહજ બની ગયું છે. એકલાખ જપ કે એક પારાયણથી પ્રારંભ પામેલી એ યાત્રા હવે ૧૩ કરોડ જપના સંકલ્પ સુધી પહોંચી રહી છે. અનેકવિધ પ્રવૃત્તિઓ અનેક સંપર્કો, સતત યાત્રા છતાં ધ્યેયનું સ્મરણ ને ધ્યેય પ્રાપ્તિના પુરુષાર્થમાં મંદતા નથી વર્તાતી. સાધનાની અનેક મથામણોમાં

નવી નવી સૂઝે ને નવાં અર્થઘટનો અંતરમાંથી ઉગ્યાં કરે છે. વિવિધ સાધનોની મથામણો સુખદ પ્રત્યુત્તરો પણ ધરતી રહે છે. અલૌકિક કહી શકાય એવી અનુભૂતિઓ પણ સ્વસ્થતાથી સ્વીકારવાની ટેવ પડી છે. સહજ સમર્પણ નિશ્ચિતતા ધર્યા કરે છે. આરોગ્ય ક્ષેત્રે પણ સ્વસ્થતા સાથે પ્રગતિ છે.

આ સર્વ ઉઘાડી આંખે અનુભવેલાં સત્યો છે. એની પાછળ કોની શક્તિ છે? કોના આશીર્વાદ છે? કોની કૃપા છે? એ સત્ય પાછળ સદ્‌ગુરુદેવ પૂ.શ્રી યોગેશ્વરજીની અલૌકિક શક્તિ જ કાર્યરત છે. ગુરુદેવે સ્વયં ૧૯૮૪ થી એ જીવનમાં પથરાય જવાનું સૂક્ષ્મ સ્વરૂપે પ્રવેશવાનું પ્રારંભ કર્યું છે. દરેક પ્રવૃત્તિમાં દરેક સંકલ્પોમાં દરેક વિચારમાં એનો જ પ્રાણ ધબકે છે. એ જ પોતે આ કલમે ઉતરે છે, એનો જ આ મુક્તવિહાર છે.

પરમપુરુષ સદ્‌ગુરુ ભગવાનનો આ મુક્તવિહાર ને જાણવાનું, પામવાનું, માણવાનું ભાગ્ય પણ મહાભાગ્ય જ ગણાયને!

એ પરમભાગ્ય—મહાભાગ્યને હજી પાંખો ફૂટી નથી. એણે અહીં જ આ જીવનમાં જ મુકામ કરી લીધો છે. જીવનના એક એક ધબકાર ને એ પરમભાગ્ય વીંટળાઇ વળ્યું છે. મુક્તવિહારને માણતાં માણતાં આ જીવન એની ક્રીડાસ્થલી બની ગયું છે. મુક્તપુરુષના મુક્તવિહારને માણતાં માણતાં અખંડ આનંદનો અલૌકિક ઘૂંટ ઉતારતાં ઉતારતાં ભલેને સઘળું પૂર્ણવિરામ પામે.

**૦૫—૦૨—૦૫**
**સાધનાદિન**
**સાંજે ૪—૦૦ કલાકે.**



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૪ માર્ચ—૨૦૧૨ અંક ૬**

## શ્રી યોગેશ્વર કથામૃત

**— મા સર્વેશ્વરી**

**સ્થળઃ—૨, નરસિંહનગર, નારણપૂરા, અમદાવાદ**
**તા.૧૩/૪/૮૨ મંગળવાર**

સાડા અગીયારે નિયમિત લેખનબાદ પૂ.શ્રી ભોજન લે છે. ભાખરી ને રાબનું ભોજન લીધા બાદ હાથમાં માળા લઈ આંટા મારતાં મારતાં જપ કરે છે. ત્યાં જ મુલાકાતનો સમય થતાં, પૂ.શ્રી બેઠક રૂમમાં પલંગ ઉપર બેસે છે. સૌ આવીને પ્રણામ કરીને બેસે છે.

આજે સર્વેશ્વરી પાલડી પાસે સરસ્વતી સોસાયટીના ૐકારેશ્વરના મંદિરમાં મહિલામંડળના કાર્યક્રમમાં જનાર છે. તે બહેનો પણ સર્વેશ્વરીને લેવા આવી ગયાં છે.

આજે પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન :** ઋણાનુંબધ એટલે શું?

**પૂ.શ્રી :** ઋણ એટલે દેવું. જે કર્મના સંબંધો ભોગવવાના બાકી હોય તે ઋણાનુબંધ. બે જાતના ઋણાનુબંધ હોય. ખરાબ અને સારા.

**પ્રશ્નઃ** બે દિવસથી પ્રવચનમાં આવું છું. પરમ દિવસે પૂ.માતાજી જ્યારે વાર્તાલાપ આપી રહ્યાં હતાં ત્યારે તમારા અને માતાજીના કપાળ ઉપર બાળસૂર્યનું તેજ સતત જોવા મળ્યું. ખુલ્લી આંખે જોયું. પછી બન્નેના વાર્તાલાપ પૂરા થતાં તે દૃશ્ય દેખાતું બંધ થયું. પ્રવચન બાદ મે નજીક આવી જોયું તો તમારા બન્નેના કપાળ ઉપર તિલક પણ ન હતું. તો એ દેખાયું તેનો અર્થ શો?

**પૂ.શ્રી :** પ્રભુની કૃપાનો અનુભવ થયો ગણાય. એ બન્નેની પાછળ જે શક્તિ છે તે પ્રભુની છે. સૂર્ય એ પ્રભુનું રૂપ છે.

**પ્રશ્ન :** કલ્કી અવતાર થશે એ અંગે આપને શું લાગે છે?

**પૂ.શ્રી :** કલ્કી અવતાર તો આવતાં આવશે પણ અવતારી પુરુષ તરીકે આવી ગયેલા મહાપુરુષોને પણ આપણે ક્યાં ઓળખ્યા છે? તેને પાછળથી ઓળખ્યા છે, રામકૃષ્ણ પરમહંસ દેવ, દયાનંદ, ગાંધીજી.

**પ્રશ્ન :** અમુક ડીગ્રી ટેમ્પ્રેચર આપણે આપણા શરીરનું ઉતારીએ તો આયુષ્ય વધે છે તે વાત સાચી?

**પૂ.શ્રી :** આયુષ્યની અવધિ તો નક્કી જ હોય છે. હા, કદાચ જીવનશક્તિ વધતી હશે. આયુષ્યની મુદત વધે તે જુદી વાત છે. સારા વિચારો, સારા ખોરાકથી શક્તિ વધે છે. જેથી શાંતિપૂર્વક, આનંદપૂર્વક જીવી શકાય.

**પ્રશ્ન :** સ્વર્ગ અને નર્કનું અસ્તિત્વ છે ખરું?

**પૂ.શ્રી :** આ શરીર છૂટે પછી નરક કે સ્વર્ગમાં જાઓને, પણ અત્યારે તમે સ્વર્ગમાં જ બેઠા છોને. સત્સંગમાં બેઠા તેટલો વખત સ્વર્ગ. બહાર નીકળી ક્રોધ કર્યો. અસત્ય બોલ્યા તો તે નર્કમાં બેઠા. પ્રસન્નતા, શાંતિ, આંતરિક સુખ, શક્તિ, સંયમ સત્યમય જીવન તે સ્વર્ગ છે. માનવે ક્યાં રહેવું તે નક્કી કરી લેવાનું છે.



કોઈ માનવને જોઈએ તો તે દેવ જેવા લાગે, કેટલાંકનાં કામને જોતાં તે રાક્ષસ જેવા લાગે છે. પણ આપણે વધારે ચિંતન જીવનનું કહીએ. મરણની ચિંતા ન કરીએ.

**પ્રશ્ન :** રાધા કાલ્પનિક પાત્ર છે?

**પૂ.શ્રી :** ના, ભાગવતમાં જેના વડે આરાધના થઈ તે રાધા એવો ઉલ્લેખ આવે છે.

**પ્રશ્ન :** આ જીવન બ્રહ્મચર્ય પામવા શું કરવું?

**પૂ.શ્રી :** પ્રભુસ્મરણ, પ્રવિત્રતા, કુસંગનો ત્યાગ. જેથી પવિત્રતા અકબંધ રહે.

સંગ સીનેમાનો નહીં, સારો જોઈએ. પુસ્તકો સારાં વાંચો.

સમય થતાં સત્સંગ પૂરો થાય છે. પૂ.શ્રી વડોદરના ભાઈઓ સાથે થોડી વાતો કરી, આરામ કરે છે.

સર્વેશ્વરી કાર્યક્રમમાં જાય છે. ત્યાંથી ૬ાા વાગ્યે આવવાનું બને છે.

પછી પ્રવચન સ્થળે જવાનું બને છે. આજે પ્રવચનમાં જતાં થોડા ફોટાઓ લેવાય છે.

**સ્થળઃ—૨, નરસિંહનગર, નારણપૂરા, અમદાવાદ**

**તા.૧૪/૪/૮૨ બુધવાર**

આજે મુલાકાતમાં ખાસ ચર્ચા ન થઈ. વિદેશયાત્રાની ડાયરીની એક દિવસની નોંધ વાંચવામાં આવી અને એ પછી વિદેશનું પોલીશતંત્ર કેવું હોય એ અંગે જ એક કલાક સુધી વાતો થઈ. સૌ વિદાય થયા. પૂ.શ્રીએ વર્તમાન પેપર ઉપર નજર નાંખી. થોડું બીજુકાર્ય કરી પૂ.શ્રીએ આરામ કર્યો.

સમયસર પ્રવચન સ્થળે જવાનું બન્યું આવીને હળવો નાસ્તો લઈ આરામ.

(ક્રમશઃ)

# સ્મરણાંજલિ–શ્રદ્ધાંજલિ

– નારાયણ હ. જાની

## શ્રદ્ધાંજલિ

## (૧) પૂ.માના રાજકુમાર

– કલ્યાણ

દેહધારણથી દૈવી જનતા લાભ પામતી,
જીવ્યાથી જેમના પામે સુખ ને શાંતિ માનવી,
છાયા સંતપ્તને અર્પે, તેજ રેલે તમિસ્રમાં,
પિપાસુને ઘરે પાણી મીઠી પરબ જે બની,
આધાર અન્યને માટે બની શ્રેષ્ઠ સનાતન,
સર્જે નરકમાં સ્વર્ગે, જંગલે ઘોર મંગલ,
ભૂલેચૂકે બગાડેના કોઈનું સ્વપ્નમાંયને,
સુધારે બગડેલાને પ્રાણ દે મૃતપ્રાયને,
આશીર્વાદ સમા એવા આત્માઓ વરદાન શા વિભુના
એમના સ્પર્શે પૃથ્વી પાવન થાય આ,
જવાથી જેહના પામે પીડા કે શોક માનવી,
રડે મૃત બને એવી જિંદગી ધન્ય જાણવી,
તમે એમ જ જીવીને તિરોધાન ગયા બની,
સાફલ્ય જન્મનું સાધ્યું મૃત્યુને ધન્યતા ધરી.

– યોગેશ્વરજી

આવી ધન્ય જિંદગી જીવી જનાર પૂ.શ્રીમાના પ્રિય રાજકુમાર શ્રી જાગાણીભાઈ અચાનક અનંતની વાટે વિહાર



કરી ગયા પણ હૃદય તો હજી પણ એ ઘટનાને સ્વીકારી શકતું નથી. શ્રી જાગાણીભાઈના ગજાને માપવા માટે શબ્દોનો ગજ ટૂંકો પડે. શોકાશ્રુઓની સરવાણી પણ એમને શ્રદ્ધાંજલિનો અર્ઘ્ય અર્પણ કરતાં ખૂટી પડે છે.

અમરેલી પાસેના આંસોદર ગામના ખેડૂત શ્રી જીવાભાઈને ત્યાં એમણે જન્મ લીધો. ખેતીનું જીવન એટલે ભારે સંઘર્ષમય જીવન. તનતોડ મહેનત અંતે માંડ કુટુંબનું ગુજરાન ચાલે. ધોરણ ૧૦માં ઓછા ટકા માર્કસ આવતા આગળ અભ્યાસ માટેની શક્તિ ન હોય તેમને હીરા ઘસવા માટે સુરત મોકલી આપ્યા. પરંતુ પૂર્વના સંસ્કારોને લીધે અંતરમાં જીવનવિકાસ માટે આગળ ધપવા માટે સંઘર્ષની ધૂણી ધખતી હતી. તેમને આ હીરાઘસવાની જીંદગી મંજુર ન હતી. કંઈક કરી છૂટવા મક્કમ નિર્ધાર કરીને પાછા ઘરે આવ્યા. પરંતુ દશમાં ધોરણમાં ઓછા ટકાને લીધે કોઈ શાળા એડમીશન આપવા તૈયાર ન હતી. છેવટે માંડમાંડ કરીને ખડસલી ગામની શાળામાં દાખલ થયાં. આ વિદ્યાર્થી અવસ્થાની નાની ઉંમરે પણ શ્રી જાગાણીભાઈ અંદરથી જાગેલા હતા. મક્કમ નિર્ણય સાથે અભ્યાસમાં મંડી પડ્યા અને ધોરણ બારમાં સમગ્ર ગુજરાતમાં બોર્ડમાં બીજો નંબર લાવ્યા. પછીતો તેમણે મહેનત કરવામાં બાકી ન રાખ્યું. ભગીરથ પુરુષાર્થ સાથે જીવનજંગે ચઢ્યા અને વિજયી થયા. છેવટે પી.એચડી. ની સર્વોચ્ચ પદવી પણ પ્રાપ્ત કરી. ભાવનગર યુનિવર્સિટીમાં સર્વીસમાં જોડાયા. ભૂજ બળે ભાગ્યોદય કરી ડેપ્યુટી રજીસ્ટ્રારની પોસ્ટ હાંસલ કરી.

સમગ્ર કુટંબને અભાવગ્રસ્ત સ્થિતિમાંથી બેઠું કર્યું. પોતાની બે દીકરીઓ તથા મોટાભાઈ નાથાભાઈના બાળકોને ભણાવ્યા

ગણાવ્યા ને પ્રગતિના પંથે દોર્યા. મોટાભાઇ શ્રી નાથાભાઇએ ખેતીના વ્યવસાયમાં જે ભોગ આપ્યો હતો તેથી તેઓ હવે પાછલી જિંદગીમાં શાંતિ અને આરામ પામે તે માટે પૂ.શ્રીમા પાસે સ્વર્ગારોહણ સેવા અને સાધના માટે મોકલી આપ્યા.

શ્રી જાગાણીભાઇએ પૂર્વના પ્રબળયોગે પૂ.શ્રીમાના શ્રી ચરણોમાં અખૂટ શ્રદ્ધા પ્રગટવાથી પૂ.શ્રીમાના શ્રી ચરણે જીવન સમર્પિત કરી આધ્યાત્મિક પંથે પ્રયાણ કર્યું. પ્રભુપંથે પણ તેમણે તેજસ્વી સાધકની ઉચ્ચભૂમિકા પ્રાપ્ત કરી. ઊંડી સમજણ અને જ્ઞાન પિપાસાની ઝંખનાને લીધે તેઓ અધ્યાત્મક્ષેત્રે પણ દીપી ઊઠ્યા. આધ્યાત્મિક અનુભૂતિઓ અને વિશાળ વાંચનની ટેવે તેમને જ્ઞાન સમૃદ્ધિ આપી. આધ્યાત્મિક વિષયો પર તેઓ અનુભવ સંપન્ન, જ્ઞાનયુક્ત વાણીમાં પોતાના ભાવોને વહેતા કરતા અને સાધકોને પ્રેરણાનું ભાથું પૂરું પાડતા.

ભાવનગર યુનિવર્સિટીમાં પણ તેમણે પોતાની નિષ્ઠા પ્રામાણિકતા અને ખંતપૂર્વ કાર્ય કરવાની પદ્ધતિએ આગવી પ્રતીભા પ્રાપ્ત કરી. તેમના બુદ્ધિયુક્ત નિર્ણયોનો વાઇસચાન્સેલર થી માંડીને બધાં જ સ્ટાફ મેમ્બરો આદર કરતા. યુનિવર્સિટીના આંટીઘૂંટીવાળા અનેક પ્રશ્નોના ઉકેલમાં તેમનું માર્ગદર્શન યોગ્ય સાબિત થતું.

ડેપ્યુટી રજીસ્ટ્રારની પોસ્ટ પર રહીને તેમણે જરૂરિયાત મંદ લોકોને નોકરી અપાવી આર્થિક મદદ કરી અને યુનિ.સ્ટાફને પ્રેરણા આપી કેટલાંય લાયક વિદ્યાર્થીઓને મદદરૂપ થયા.

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થતાં અધ્યાત્મ માસિકના સંચાલનમાં તેઓ શ્રી નારાયણકાકાના જમણા હાથ બની રહ્યા. તેમની કલમ પણ શ્રદ્ધાભક્તિ સંપન્ન ભાવવાહી



હતી. અધ્યાત્મ માસિકમાં તેઓ આધ્યાત્મિક વિષયો પર મૌલિક લેખો લખતા.

પૂ.શ્રી માની પ્રેરણા દ્વારા થતી સ્વર્ગારોહણની સેવાકીય પ્રવૃત્તિઓમાં તેઓ અગ્રભાગ લેતા અને સેવાકીય પ્રવૃત્તિઓને પોતાની કલમ દ્વારા ઉત્તમ રીતે બિરદાવતા.

શ્રી જાગાણીભાઇના વાર્તાલાપોમાં તેમની જ્ઞાનસમૃદ્ધિ તથા પૂ.શ્રીમા અને ગુરુદેવ પ્રભુ પ્રત્યેની અપાર શ્રદ્ધાભક્તિના દર્શન થતાં. તેઓ કહેતા કે પૂ.શ્રીમા તો આ વિરાટ બ્રહ્માંડનાં અધિશ્વરી છે, અને આપણે તેમના બાળકો છીએ એટલે આપણેપણ પૂ.શ્રીમાના આધ્યાત્મિક સામ્રાજ્યના વારસદારો છીએ. આપણે પૂ.શ્રીમાના વારસદારો હોવાથી આપણે સામાન્ય નથી પરંતુ પૂ.શ્રીમાના આધાત્મિક સામ્રાજ્યના વારસદાર રાજકુમારો છીએ.

પૂ.શ્રીમાના આધ્યાત્મિક સામ્રાજ્યના એક તેજસ્વી સીતારા જેવા રાજકુમાર શ્રી જાગાણીભાઇ આજે આપણી વચ્ચે નથી. પૂ.શ્રીમા પણ તેમના પાર્થિવ શરીરના અસ્થિઓને વધાવવા સામેથી ભાવનગર ગયાં. અને સૌ કુટુંબીજનોને આશ્વાસન આપ્યું.

જે સીતારાનો ઉજાસ આપણને માર્ગદર્શન આપતો હતો અને અધ્યાત્મ માર્ગે સહયાત્રી બની પ્રેરણાની પરબ બની પિયુષપાન પાતો હતો તે દિવ્યરસની પ્યાસ બુઝાવવા હવે આપણે ક્યાં જઇશું? આધ્યાત્મિક સાધકોના દીવાંદાડી બની પ્રભુપંથના ધ્રુવ તારક સુધી હવે આપણને કોણ દોરી જશે? તેમના કુટુંબે તો શિરછત્ર ગુમાવ્યું છે. તેઓ એક માત્ર આધાર સ્તંભ હતા. આ ખોટ ન પુરાય તેવી છે.

શ્રી જાગાણીભાઇ જુદી જ માટીના માનવી હતા. પૂ.શ્રીમાના પ્રિય રાજકુમાર વિના તો પૂ.શ્રીમાનું આધ્યાત્મિક સામ્રાજ્ય પણ ઝંખવાયું છે. એ બુલંદ સીતારાનો ઉજાસ પરમધામમાંથી પણ પ્રાપ્ત થતો રહે તેજ પ્રાર્થના કરવી રહી.

શ્રી જાગાણીભાઇના એક વિચાર કે ભાવયાત્રામાં ક્યાંય મલીનતાનો અંશ ન હતો. પારદર્શકમાના પૂંજ સમું એમનું જીવન અને કવન હતું. એ ખોટ વણપુરાયેલી રહેશે. એ વિસરાઇ શકે એવા માનવી ન હતા. તેમનાં સ્મરણે અંતરમાંથી લુપ્ત થવા સર્જાયાં નથી. સદા તાજા ન રહેશે.

શ્રી ગુરુદેવપ્રભુના 'તર્પણ'માં પૂ.શ્રી માતાજીને શ્રદ્ધાંજલિ અર્પતા પદમાં શ્રી જાગાણીભાઇના જીવનનું પ્રતિબિંબ સરસ ઝીલાય છે.

### વારસો

તમારા રક્તકણમાં છળકપટનો લેશપણ ન હતો,
હતો વિશ્વાસઘાત નહીં શ્વસનમાં લેશમાત્ર દગો,
અમૃત અન્યાય કરવાની કરેલી કલ્પનાયે ના,
અનાચારો અનર્થ હતા તમારી પ્રકૃત્તિમાં ક્યાં?
પસીનાનું સદાખાધું રહીને પૂર્ણ પ્રામાણિક,
કુદૃષ્ટિનો કરી ના કિન્તુ મતિના બગાડી કિંચિત.
સરળતા સૌમ્યતા શુચિના સહજતા સાદગી સ્વાશ્રય,
સનાતન સ્નેહનો તમને મળેલો વારસો આશ્રય.
તમારા રક્તકણમાં સ્વાર્થ તો લવલેશ ન હતો,
હતો વિદ્વેષ ના, ના રાગ ભયનો અંશ ક્યાંયે કશો.
બગાડ્યું ના તમે કોઇનું, કરીના કલ્પના એની,



સુધાર્યું સર્વનું હેતાળ હૈયાની કરી હેલી.
તમોને પામવા માટે અમોને એટલે ગૌરવ,
તમે સરજ્યું સદાયે સ્વર્ગને રગદોળતાં રૌરવ.
અનોખો આવ્યો આ અવસર મરણનો,
તમે જે જીવ્યા તે વિષય છે નવ છે વિસ્મરણનો.

## (૨) જીવનના શિલ્પકાર શ્રી જાગાણી

– જ્યોતસ્નાબહેન ત્રિવેદી

ચાલુ વ્યવસાયિક કારકીર્દિમાં સતત આત્માનો અવાજ એમ કહે મારું જીવન આ વ્યવસાય માટે નથી. અને એ આત્માના અવાજને સાંભળી અમલમાં મૂકવાની ક્ષમતા કેટલી વ્યક્તિઓમાં હોઇ શકે? કેવા દૃઢ મનોબળની જરૂર પડે! કેવા કેવા પડકારોને સામી છાતીએ ઝાલવા પડે! અને જીવનને પોતાની રીતે ઘડી અને અન્યના જીવનના પથ પ્રદર્શક બની રહેનાર જાગાણીભાઇના જીવનને હજારો સલામ.

જાગાણી નામ પ્રમાણે સતત જાગૃત. કદી આળસ જ નહીં. કોઇ દીર્ઘ સૂત્રતા નહીં. જે કામ હાથમાં લે તેનાં મૂળ સુધી પહોંચવું અને શિખર સુધી લઇ જવું તે જાગાણી ભાઇના વ્યક્તિત્વની વિશેષતા. જીવન ભલે રત્ન કલાકારથી શરૂ કર્યું, પણ હીરાને પાડેલા પાસા જીવનને પણ પાડ્યા.

શ્રી યોગેશ્વર પરિવારના આધાર સ્થંભોમાંના એક શ્રી જાગાણીભાઇનો પ્રથમ પરિચય ભાવનગરમાં શ્રી મા પધારેલાં ત્યારે થયો. "કાકા, પ્રભુએ જે સ્વપ્નમાં કહેલું એટલી રકમ જ લોનમાં પાસ થઇ." મને રસ પડ્યો વિગતે વાત સાંભળી ખૂબ નવાઇ લાગી. આ નવા સાધક કંઇક પાણીદાર છે તેવું લાગ્યું.

પરિચય વધતો ગયો. કાકા–જીજી પર અપાર પ્રેમને સન્માન, વળી સેવા વૃત્તિને લીધે તે જાની પરિવારના એક અવિભાજ્ય અંગ બની ગયા. સમાંતરે યોગેશ્વર પરિવાર અને અધ્યાત્મના આધાર સ્થંભ, જાણે તેમને સોંપીને નિરાંતે સૂઈ શકાય તેવા નિષ્ઠાવાન સેવક.

શ્રી શ્રી માના રાજકુમાર, માના બાળક હોવાનું અપાર ગૌરવ. શ્રી શ્રી માનો પણ તેવો જ અપાર પ્રેમ અને ક્યારે એ સમગ્ર પરિવાર સમર્પિત થઈ ગયો, કંઈ ખબર જ ના પડી.

ડૉ. પ્રકાશ ગજ્જર જેને 'ભાવુક પંડિત' કહે તેવા તે ખરેખર પંડિત. વિજ્ઞાન અને અધ્યયન કે સંસ્કૃત શાસ્ત્રો, આયુર્વેદ, નેચરોપથી કે ઓલેટરનેટ થેરેપી નું કોઈપણ પદ્ધતિઓ તે બધાનું જ જાગાણીભાઈને તલસ્પર્શી જ્ઞાન. લોકભારતી સણોસરા તેમની માતૃસંસ્થા એટલે શ્રી મનુભાઈ પંચોળી સાથે રહી એરિસ્ટોટલ પ્લુટો અને સોક્રેટિસ તેમના લોહીમાં વણાઈ ગયેલા. મણનો સિદ્ધાંત નહીં પણ અધોળનું આચરણ સંપૂર્ણપણે. જેને મળવાથી અંતરમાં આનંદ થાય. અને આપણે કંઈક આદાન પ્રદાનમાં ભરાઈ જઈએ એવું આપણને લાગે. એ વિદ્વત્તાનો કોઈ ભાર નહીં. સ્વર્ગારોહણમાં મંડપ પણ છોડે કે નાના મોટા શ્રમયજ્ઞમાં પણ પદ પ્રતિષ્ઠાનો કોઈ ભાર જાગાણીભાઈને ક્યારેય ન નડે.

વિદ્વતાનો પરામર્શ પામેલું તેમનું વકતવ્ય કાનમાં ગૂંજ્યા કરે. ધીર ગંભીર છતાં છટાદાર અને અર્થ સભર વક્તવ્યમાં **માના બાળકો** એવું વાક્ય તો કેટલીય વાર આવે. પોતાના ગુરુદેવની પ્રભાવશાળી વાતો અન્ય પ્રચલિત સત્સંગોમાં જઈને



કરી આવવી અને તે મહાપુરુષને પણ પ્રભાવિત કરી આવવાનું ગજું આ મુઠ્ઠી ઊંચેરા માનવીનું જ! મા પ્રભુને સોંપીને જ બધા કાર્યો કરવાં નિશ્ચિત પ્રાર્થનાઓ કરવી અને શરણાગત જીવન કેવું હોઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ એટલે શ્રી જાગાણીભાઈનું જીવન.

પરિવારના પણ આધાર સ્થંભ. માત્ર પોતાનો પરિવાર જ પોતાનો નહીં, મોટાભાઈનો પરિવાર પણ પોતાનો જ. માતા–પિતાની સેવા કે પારિવારિક સમસ્યા બધામાં જ જાગાણીભાઈ અડીખમ ઢાલ જેવા! તનયા તનય સમાન એ સિદ્ધાંત પ્રમાણે એમની બન્ને દીકરીઓની સુંદર કારકિર્દી ઘડી તેવી જ રીતે ભત્રીજા ભત્રીજીઓની પણ, આ બધું કરતાં કરતાં ફુલોની શય્યા નહોતી. કાંટાળી કેડી જ હતી, પણ હસતે મુખે બધી જ ફરજો બજાવી.

જાગાણીભાઈની દિનચર્યા પણ સરસ રીતે ચાલે. કદીક સવારની સફરે નીકળેલા તેમને ત્યાં પહોંચી જવાય તો એક સુંદર પવિત્ર ગૃહસ્થ ઋષિના પરિવારમાં આવ્યાં હોઈએ તેવું લાગે. જાગાણીભાઈ ધ્યાન કરતા હોય અથવા પૂ.શ્રીના કોઈ પુસ્તકનું પારાયણ. મધુબહેન શ્રી શ્રી માના ચરણ પાદુકાઓને મધ્યમાં રાખી પ્રદિક્ષણા કરતાં હોય. કૃપા અને કૃતિ પ્રણામ વંદના કરતાં હોય. સરસ ધૂપ–દીપ હોય. ખરેખર પૂ.શ્રીમાની અને પ્રભુની ઉપસ્થિતિનો અહેસાસ થાય તેવું વાતાવરણ અને હું હસતાં હસતાં કહું : "જાગાણી ઋષિના આશ્રમમાં આવ્યા હોઈએ તેવું લાગે છે."

અનેક વિદ્યાર્થીઓને બધી જ રીતે મદદ કરી તેમનું જીવન

ઉજ્જવળ બનાવવાની એક પણ તક જાગાણીભાઈએ જતી નથી કરી. તન મન ધનથી બધાંને ખૂબ આપ્યું. પશુ પક્ષીઓ પણ તેમની સેવાથી વંચિત નથી રહ્યાં. તેમનો વ્યવસાય શિક્ષણ જગત સાથે સંકળાયેલો પણ તેમાં પણ વિદ્યાર્થીઓનું હિત જ સર્વોપરી. તેમના સંસર્ગ કે સંપર્કમાં આવેલા માણસની જાગાણીભાઈએ કોઈપણ પ્રકારે સેવા ન કરી હોય તેવું ક્યારેય નથી બન્યું. એ સેવાશ્રમધારી પુરુષ શરણાગત ભક્તને કોઈની પણ સેવા કબૂલ ન હતી. રેશમની ગાંઠ છૂટી જાય તેમ જીવનની ગાંઠ છોડી દીધી. જીવાશે તો જેમ તેમ પણ મરાશે કેમ કેમ એ પ્રશ્ન તેમને આપણાં મા પ્રભુએ સ્પર્શવા ના દીધો.

સહધર્મચારિણી તરીકે શ્રીમતી મધુ બહેને તેમના પ્રત્યેક કાર્યમાં સાથ આપ્યા છે ખભે ખભા મિલાવી હસતે મોઢે બધા જ નિર્ણયોમાં સાથ આપ્યો છે. જાગાણીભાઈએ આપણને નાથાભાઈ જેવા સંનિષ્ઠ સેવકની ભેટ ધરી છે કે જાણે તેમના વિના સ્વર્ગારોહણ અધૂરું લાગે. જાગાણીભાઈ આપણને પૂ.માને અધ્યાત્મને છોડી ક્યાંય જઈ જ ન શકે. આપણી વચ્ચે જ છે. હરીન્દ્ર દવે કહે છે "શ્વાસ થંભી જાય તો તેને મૃત્યુ ન કહો" જાગનાર અને જગાડનાર જાગાણીભાઈ સદૈવ આપણી વચ્ચે છે માના રાજકુમાર ક્યાંય જઈ ન શકે. પ્રત્યેક પ્રવૃત્તિથી, વિચારોથી, લેખનથી, અધ્યાત્મના સરનામામાંથી કે તેમના લેખોમાંથી નોંધોમાંથી આપણને એક જીવંત સંસ્પર્શ આપી આપણી સાથે પાસે અને વચ્ચે જ સુવાસ રૂપે.

આ આત્માને શાંતિ આપવાની આપણે શું પ્રાર્થના કરવાના? શ્રી શ્રી માએ જ જેને ખોળે લઈ લીધા એવા જીવનના સાચા શીલ્પીને અંતરના અંતરતમથી પ્રણામ, પ્રણામ, પ્રણામ.



## (૩) શબ્દ સ્મરણાંજલિ

**– યોગેશ પંડ્યા, મુંબઈ**

સંસાર ઉપવનના સુગંધિત પુષ્પને સુંઘવાનું કે એને પાસે રાખવાનું શું ઈશ્વરને પણ ગમતું હશે? કદાચ, હા. તેથી જ તો એવું જ એક ઉત્તમ જીવનરૂપી પુષ્પ અચાનક જ આ સંસાર ઉપવનમાંથી નિયતિએ લોપ કર્યું. જેઓના નામ આગળ 'સ્વર્ગસ્થ' મૂકવાનું કેમેય કરીને રુચે નહીં એવા ડૉ. બી. જે. જાગાણી કે જેઓ "જાગાણી સાહેબ"ના હુલામણા નામથી પરિચિત હતા તેઓ હવે આપણી વચ્ચે નથી તેને કામને પણ સ્વીકારવું તો પડે જ. કદાચ તેમની સેવાની જરૂર ઈશ્વરને પણ પડી હશે તેથી જ વધુ વહેલા બોલાવી લીધા.

તેમનો સ્મિત ભરેલો ચહેરો અને સતત કાર્યશીલ જીવન સદા આપણી સન્મુખ જ રહેશે. એક સાધારણ પટેલ પરિવારમાંથી ઉચ્ચતમ અભ્યાસ કરી "બોરડીની ખેતી" વિષય પર પીએચ.ડી. કરી માનાર્હ ડૉ.ની ડીગ્રી પ્રાપ્ત કરી જીવનને સજાવવાની શરૂઆત કરી. પ્રથમથી જ જીવનમાં સર્વને ઉપયોગી ને સહયોગી થવું એ જ અવિરત્ જીવનમંત્ર રહ્યો. છેક ૧૯૮૭ થી "ભાવનગર યુનિવર્સીટી"માં અધિકારી તરીકે એકનિષ્ઠ સેવા બજાવી. પોતાના નેજા હેઠળ ૨૦ નવી કોલેજો પ્રસ્થાપિત કરી એ કંઈ નાની સૂની વાત નથી. અથાગ પરિશ્રમ અને ટાંચા સાધનો હોવાની સાથે છેક દિલ્લી સુધીની દોડધામ કરીને મોટા અદના કાર્યો કર્યાં છે. આ કોલેજોની કરોડોની સંપત્તિનું બહુ નિષ્ઠાથી જતન અને સંચાલન કર્યું. કાર્યોમાં વચ્ચે પડતી અડચણોને ગૌણ ગણી કેળવણી જગત સાથે ન્યાય કરવા સદા અગ્રેસર રહી શિક્ષણ જગત ઝગમગતું રાખવા અવિરત

પ્રયત્નો ચાલુ જ રહ્યા. ભાવનગર શહેર, સ્વર્ગારોહણ અને સમગ્ર શિક્ષણક્ષેત્રમાં આ તેજસ્વી તારલાનું વિલોપન થવું તે અસહ્ય દુ:ખદ અને કારમી ઘટના છે.

સાથે જ પૂ.શ્રી મા–પ્રભુના શ્રી ચરણોમાં અડગ આસ્થા ને શ્રદ્ધા સાથે ''અધ્યાત્મ'' માસિકની ઘણી મોટી જવાબદારી તેઓએ સંભાળી. શ્રી નારાયણકાકાના સહયોગી જ નહીં પણ એક અચળ આધારસ્તંભ બનીને ''અધ્યાત્મ'' માસિકનું કાર્ય કર્યું.

''અધ્યાત્મ'' માસિક પર ગ્રાહકોના સરનામા લખવા માટેના સ્ટીકર જે અહીં મુંબઈથી મોકલવામાં આવતા તે સ્ટીકરની સાઈઝમાં ક્યારેક ફેર પડી જાય તો સરનામાના પ્રિન્ટમાં દુવિધા ઊભી થાય પણ જ્યારે જ્યારે એવું બનતું તો કોઈ વિરોધ કે ઉગ્ર નોંધ નહીં પણ પોતાના કોમ્પ્યુટરમાં આખા પ્રોજેક્ટને તે સાઈઝમાં ફેરવી કાર્ય પાર પાડે એટલે કે આવેલા સંકટોનો સ્વીકાર કરી તેમાંથી રસ્તો કાઢતા. આ માટે તેમને ઘણી મહેનત કરવી પડતી પણ કોઈ ફરિયાદ નહીં, માત્ર કાર્ય જ જાણે તેમના જીવનમાં અગ્રેસર મુદ્દો રહ્યો. નવીન ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ તેઓએ 'અધ્યાત્મ' માસિક માટે કર્યો. ''અધ્યાત્મ'' માસિકના ગ્રાહકોના સરનામા બદલાય કે નવા લવાજમની વાત હોય કે પછી કોઈ ગ્રાહકની કોઈ ફરિયાદ હોય તો ફોન પર વાત કરી પ્રેમથી સુલજાવતા. અરે! આ વખતના ફેબ્રુઆરી માસિકનું પ્રૂફ રીડીંગનું કાર્ય પણ તેઓએ કર્યું જ છે. એટલે કે જીવનના છેલ્લા શ્વાસ સુધી 'અધ્યાત્મ' માસિકની સેવા કરી. તેઓની આ સેવાને વંદન.

સાચે જ શ્રી જાગાણી સાહેબે એક કર્મઠ કર્મયોગીની જેમ



પોતાનું શિક્ષણક્ષેત્ર ને અધ્યાત્મક્ષેત્ર પૂર્ણપણે ખીલવવાનો નિરંતર પ્રયાસ કર્યો. તેઓની ઈચ્છા પૂ.મા–પ્રભુને વિશ્વફલક પર મૂકવાની હતી અને આ માટે સતત કાર્યરત જ રહેતા. ''સાથે સાથે સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ''ના પેપરવર્કમાં પણ રસ લઈ સહયોગ ધરતા.

આ કાર્યરત જીવન સાથે પોતાના કુટુંબ માટે પણ સંપૂર્ણ ભોગ તેમણે આપ્યો જ છે. પોતાના પરિવારની સાથે શ્રી નાથાભાઈના પરિવારને પણ સંભાળ્યા ને સાચવ્યા છે. આપણે જોઈ શક્યા છીએ કે છેલ્લા સાત વર્ષથી શ્રી નાથાભાઈ સ્વર્ગારોહણ ની વિવિધ સેવા બજાવતા કારણ કે તેમના સમગ્ર પરિવારનું ધ્યાન શ્રી જાગાણી સાહેબે ભાવનગર રહી સાચવ્યું છે.

સમગ્ર ભાવનગરમાં વિવિધ મોટા હોદ્દાઓ પર બિરાજમાન વ્યક્તિઓ કાં તો તેઓના વિદ્યાર્થી રહ્યા હોય અથવા તો તેમના હાથ નીચેથી પસાર થયેલા વ્યક્તિઓ હોય છે. તેઓનું જીવન સરળ–સાદું પણ જીવનમૂલ્યો ખૂબ ઉંચા. જેમ કે Simple living and high thinking. તેઓના પરિવારમાં શ્રી મધુબેન અને તેમની સુપુત્રીઓ–કૃતિ અને કૃપાએ પણ તેમના આ વિવિધ સેવાયજ્ઞમાં સહકાર ધર્યો જ છે. તેમની પાસે મદદ માટે આવતું માનવી કદી નિરાશ ના થતું. એક બહેન નાની ઉંમરે વિધવા થયા તો તેમણે માત્ર થોડા જ સમયમાં પાંચ લાખ જેવું ભંડોળ એકત્ર કરાવી દીધું કે જેથી તેમનો જીવન નિર્વાહ સારી રીતે ચાલી શકે. આવી તો કંઈક ગુપ્ત સહાયોની મૂડી લઈને તેઓ જીવ્યા. પહેલાંથી જ પોતાની આમદાનીમાંથી એક ભાગ સત્કાર્યો માટે જ રાખતા અને તેનો ઉપયોગ વિદ્યાર્થી જગત તથા સમાજ

માટે કરતા. અહીં ''સ્વર્ગારોહણ''માં દરેક દિવાળીમાં સત્સંગ કાર્યક્રમોની ઝીણવટભરી નોંધ લખી અધ્યાત્મમાં જીજ્ઞાસુઓ સુધી પહોંચાડતા તે એમની સત્સંગ સેવા દ્વારા પૂ.માના સત્સંગ સાન્નિધ્યનો જે લાભ મળતો તે ચીરસ્મરણીય રહેશે. ''પ્રકાશન પર્વ''માં બધા જ વક્તાઓના વ્યકતવ્યોને સુંદર સમીક્ષા ધરી એક સાચા સમીક્ષક તરીકે પણ સદાય યાદ રહેનાર જાગાણીસાહેબના વ્યક્તિત્વના વિવિધ પાસાઓ સદાય સુમનની સુવાસ ફેલાવતા જ રહેશે. તેઓનું સમગ્ર જીવન એક અંજલીરૂપ જ રહ્યું.

પૂ. મા–પ્રભુ પ્રત્યેની તેમની અપ્રતીમ આસ્થા ને અર્ચના કાયમ માટે સ્મરણમાં રહે તેવાં છે. પૂ.મા સ્વયં તેમના ઘરે પધારી કહે કે–''અમે તો જાગાણીભાઇને લેવા આવ્યાં છીએ.'' અને એમ કહી એમના અસ્થિ સ્વયં લઇ આવે તેનાથી વિશેષ સદ્‌ભાગ્ય બીજું શું હોઇ શકે? માનવને શોભે તેવાં ઉચ્ચ માનવ મૂલ્યોનાં વિવિધ પાસાઓને શણગારનાર શ્રી જાગાણીસાહેબને સ્વર્ગસ્થ ના કહેતા એટલું જ કહીએ કે જાગાણીસાહેબ તો શ્રી પ્રભુના શ્રી ચરણે સ્થિર થયા છે.

## (૪) ન પૂરાય તેવી ખોટ

**– નારાયણ હ. જાની**

ડૉ. બી. જે. જાગાણીના અકાળ સ્વર્ગાવાસના પરિણામે કેટકેટલાઓનો આધાર છીનવાઇ ગયો કે ડગમગી ગયો! એનો તાગ કંઇક અંશે એમની તા.૧૩–૦૨–૧૨ ની પ્રાર્થના સભામાં આવેલ સમુદાય પરથી આવી શકે.

પરિવારે એક પ્રેમાળ, આજીવિકા રળનાર સદાય સંપ



જાળવી રાખનાર, ગમે તેવી વિપરિત પરિસ્થિતિઓમાંથી માર્ગ કાઢનાર મોભી ગુમાવ્યો. દીકરીઓ અને પત્નીએ પ્રેમ ને હૂંફ ભરેલો બાપ ને પતિ ગુમાવ્યો, યુનિવર્સીટીએ એક કુનેહબાજ કર્મચારી સંસ્થાના હિતચિંતક ને સફળ સૂકાની, સહકર્મચારીઓના સદાયના હિતચિંતક ને જાત ઘસીને પણ સૌને ઉત્સાહિત ને પ્રોત્સાહિત કરનાર અધિકારી, સમાજે એક શ્રેષ્ઠ કર્મયોગી અધ્યાત્મ પરિવારે એના હાથ પગ, સત્સંગીઓએ એવો સાધક જેણે દરેક સમસ્યાનું સમાધાન કેવળ પ્રભુની ભક્તિ ને શરણાગતિમાં શોધ્યું, સર્વમંગલ ને સર્વેશ્વરી પરિવારે એક એકનિષ્ઠ સર્વ સમર્પિત સહૃદયી ભક્ત ગુમાવ્યો. આમ એક વ્યક્તિને લઇ, હે પ્રભુ! તે કેટકેટલાના હૃદય અને હાથપગ ભાંગી નાખ્યા. એક વ્યક્તિમાં તું આટલું બધું ભરી શકે છે, એની પ્રતીતિ તો એમના જીવન અને કાર્ય શક્તિથી અમને થઇ અને એવી વ્યક્તિ જ્યારે અકાળે જતી રહે ત્યારે કેવો ખાલીપો બધે જ સર્જાય તે હે જાગાણી! અમે તમારા જવાથી અનુભવ્યું.

### પૂ.શ્રીમાં શ્રદ્ધા કેમ જાગી?

પૂ.શ્રીની આત્મકથા 'પ્રકાશના પંથે'–વાંચ્યા પછી એમના મનમાં એક ભાવ સતત ઉઠતો કે તેઓ હયાત હોત ને મળાયું હોત તો કેવું સારું? તેમાં બન્યું એવું કે ભાવનગર આવ્યા પછી થયું કે ભાડાના મકાનમાં રહેવા કરતાં, નાનું પણ પોતાનું ઘર હોય તો સારું. તે વખતે નાલંદા સહકારી સોસાયટી દ્વારા નવા મકાન બનાવવાનું શરું થયું હતું. તેમાં સભ્ય તો થયા પણ ઘરની સહાય તથા બચત ભેગી કરતાં લાખેક રૂા. તૂટે, પચ્ચીસેક વર્ષ પહેલાં આટલી રકમ પણ સામાન્ય માણસ માટે ઘણી મોટી ગણાય. તે સમયે યુનિવર્સિટીમાં તેમણે રૂા. લાખની લોન માટે

અરજી કરી. અરજી મૂક્યા પછી પૂ.શ્રી યોગેશ્વરજીનું એક રાતે સ્વપ્ન દર્શન થયું. તેમાં તેઓએ જણાવ્યું 'અમે તમને રૂા. લાખ તો નહીં, પણ ૯૫ હજાર અપાવી શકીશું.'

પૂ.શ્રી જીવંત હતા ત્યારે તો મળાયું ન હતું. પરંતુ આ દર્શન પછી જ્યારે લોન મંજુર થઇ ત્યારે રૂા.૯૫ હજારનો જ એક ચેક મળ્યો. રૂા. પાંચ હજાર વહીવટી કાર્યવાહી માટે કાપી લીધેલા. ત્યારે તેમને ખાત્રી થઇ ગઇ કે ભલે ન મળાયું. પરંતુ આ મહાપુરુષ આજે પણ આપણું ધ્યાન રાખે છે. પછી તો મનથી એમની સાથે સતત સ્મરણથી જોડાતા જ રહ્યા. શ્રદ્ધા જીવંત બની ગઇ!

## મારો પરિચય

શ્રી જાગાણીભાઇ સાથેનો મારો પરિચય શ્રી ઘનશ્યામ દેસાઇ દ્વારા થયો. સને ૧૯૮૭માં તેઓ ભાવનગર યુનિવર્સીટીમાં નિરંતર શિક્ષણ વિભાગમાં એક અધિકારી તરીકે જોડાયા ને શ્રી દેસાઇભાઇના પાડોશી બન્યા. એકવાર અંગત મુલાકાત પ્રસંગે તેમની નજર શ્રી દેસાઇભાઇનાં પુસ્તકોમાં પૂ.યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે' પર પડી. એકાદ મહિનામાં જ તેઓ એ આખું દળદાર પુસ્તક વાંચી ગયા. પુસ્તક પાછું આપતાં પૃચ્છા કરતાં ખબર પડી કે પૂ.શ્રીનો તો સ્વર્ગવાસ ત્રણેક વર્ષ પૂર્વે થઇ ગયો છે.

તો પૂ.શ્રીને નજીકથી જાણતી કોઇ વ્યક્તિ હયાત ખરી?

પ્રત્યુત્તરમાં શ્રી દેસાઇભાઇએ અમારું નામ આપ્યું ને અમને એમનો શુભ પરિચય કરાવ્યો. બસ, તે દિવસથી જે સંબંધ બંધાયો તે ઉત્તરોત્તર ગાઢ—પ્રગાઢ બનતો રહ્યો અને એવી



આત્મીયતામાં પરિણમ્યો કે તેઓ અમારા વ્યક્તિત્વના ભાગરૂપ બની ગયા. શ્રી જાગાણીભાઇની જિજ્ઞાસા વૃત્તિ ખૂબ. પ્રમાદ આળસનું નામ જ નહીં. જે કામ હાથ પર લે તેને પૂરું કરીને જ છોડે. એવું જ એમનું વાંચન. સારું ને સંસ્કારી વાંચન, શ્રી યોગેશ્વરજીનાં પુસ્તકો એમને ખૂબ ગમતા આધ્યાત્મિક વાંચનમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, યોગી અરવિંદ ને માતાજી ગાંધીજી વિષે ખૂબ વાંચી, વિચારી તેનો પ્રત્યક્ષ જીવનમાં અમલ કરતા ગયા. તેમનાં પ્રિય પુસ્તકો રહ્યાં—સરલ ગીતા, ભગવદ્ ગીતા ને શ્રી રામકૃષ્ણ કથામૃત. આદ્ય શંકરાચાર્યની અદ્વૈત ફિલસૂફી ગમે તેથી તેઓનાં કેટલાંય સ્તોત્રો કંઠસ્થ થઇ, તેમની દૈનિક પ્રાર્થનાના ભાગરૂપ બની ગયાં. પૂ.માશ્રી સર્વેશ્વરીના પરિચયમાં આવતાં જ જાણે તેમના ભક્તહૃદયને એક મહાન આધ્યાત્મિક આધાર મળી ગયો. કહો કે તેઓ બધું જ છોડીને પૂ.શ્રી ને પૂ.માની બાવનીઓ ગાતા રહેતા અને જરાય સમય મળે એટલે પૂ.માના જપની માળા શરૂ કરી દેતા. કહો કે એમની કચેરીના કામ સિવાયનો સઘળો સમય પૂ.મા પ્રભુના જપમાં જતો.

## પૂર્વ જીવન

એક સમયે વાત નીકળતાં પોતાના પાછલા જીવનની વિગતો જણાવતાં તેઓએ મને કહેલું આંસોદર ગામનો જીવાભાઇ પટેલનો આ દીકરો, પ્રાથમિક શિક્ષણ ગામમાં પામ્યો ને એસ. એસ. સી. જાફરાબાદની શાળામાંથી પાસ થયો. ભણવા વિષે જરાય જાગરૂકતા નહીં. એવા કોઇ સારા મિત્રોય નહીં. પચાસ ટકાની નીચે પાસ થયો. એટલે બાપાએ ગામના બીજા પટેલ છોકરાઓ સાથે સુરત હીરા ઘસવા બેસાડી દીધો.

શરૂમાં તો ઠીક લાગ્યું, પરંતુ બે વરસની આવી જીંદગીથી કંટાળી ગયો. થયું કે આખું જીવન શું આમ જ કાઢવાનું? મન અજંપો અનુભવવા લાગ્યું. એક દિવસ ઉપવાસ કરી ભગવાન રામને પ્રાર્થના કરી. પ્રભુ મને આમાંથી છોડાવો. જાણે મારી પ્રાર્થના પ્રભુએ સાંભળી, પણ જરા જુદી રીતે—મને ટાઇફોડ થયો. આઠદસ છોકરા ભેગા રહે પણ આપણી સાર સંભાળ કોણ રાખે? એટલે સાથે કામ કરતો એક છોકરો આસોદર ગામ ઘરે મૂકી ગયો.

ઘરે તો બાની સારસંભાળ ને ઘરના ઘી, દૂધ ને દવાથી, મહિનામાં જ સારો થઇ ગયો. તો બાપાએ કહ્યું : ચાલો, પાછા સુરત હીરા ઘસવા. મેં વિરોધ કર્યો કહ્યું મારે ભણવું છે, હવે કદી હીરા ઘસવા જઇશ નહિ. બાપાની સ્થિતિ એવી ન હતી કે ઘરને પૈસે ભણાવી શકે. એમ કરતાં જૂન મહિનો આવ્યો. મારે માટે લોકભારતી સંસ્થા સિવાય પૈસાની સહાય વગર ભણવાનું શક્ય ન હતું. પરંતુ એસ. એસ. સી. માં ટકાવારી ઓછી હોવાથી પ્રવેશ મેળવવો મુશ્કેલ બની ગયો. છેવટે સાવરકુંડલા પાસે ખડરાલીની લોકશાળામાં શ્રી અમુલખભાઇ ખીમાણીએ મને હું સાચે જ ખંતથી ભણીશું એવી મારી બાંયધરીમાં વિશ્વાસ રાખી પ્રવેશ આપ્યો. તો મેં પણ એટલાં જ ખંત, ઉત્સાહ ને પરિશ્રમથી તેનો પ્રત્યુત્તર વાળી એમને પ્રસન્ન કરી દીધા. સમગ્ર ગુજરાત રાજ્યમાં બારમાં ધોરણમાં મારો બીજો નંબર આવ્યો. શ્રેષ્ઠ સફળતા મેળવી, સંસ્થાને ઉજાળી આ સમયે સાચું પૂછો તો શ્રી જાગાણીભાઇ અભ્યાસ ક્ષેત્રે જાગ્રત થયા એટલું જ નહીં, સમગ્ર જીવન વિષેનો એમનો અભિગમ બદલાઇ ગયો. કહો કે એ અંદરથી જાગી ગયા. ધોરણ બારની સફળતાએ એમને



પોતાની શક્તિ અને પુરુષાર્થના પરિણામ પર વિશ્વાસ બેસાડી દીધો. એટલે એમણે પોતાની સમગ્ર શક્તિ અભ્યાસના ક્ષેત્રે કામે લગાડી. અભ્યાસક્ષેત્રના સર્વોત્તમ શિખર Ph.D. ની પદવી હાંસલ કરી લીધી. આસોદર ગામનો એ ખેડૂત પુત્ર ભીખું મટી યુનિવર્સિટીનો આદરણીય ડૉ. બી. જે. જાગાણી બની ગયો.

ખેડૂત પરિવારમાં જન્મને લીધે શ્રમ તો લલાટે લખાયેલ હતો. પરંતુ પહેલાં એ શ્રમના પરિણામે આજીવિકા જ સંતોષાતી પરંતુ વિદ્યાક્ષેત્રના એના કામે એને એક શ્રેષ્ઠ વિદ્વાન ને કર્મયોગી બનાવી દીધો. તો આધ્યાત્મિક ક્ષેત્રે એમનો જે ઉઘાડ થયો તેમાં લોકભારતી સણોસરાના વાતાવરણ અને ડાયરેક્ટર શ્રી કુમુદ્રચંદ્ર ઠાકર ને શ્રી પ્રવીણભાઇ ઠક્કરે મહત્ત્વનો ભાગ ભજવ્યો. તેમાં શ્રી મનુભાઇ પંચોલી તો ખરાજ.

**ભક્તહૃદયી જાગાણી**

એક વાત સાચી કે આ બધા ગાંધીવાદી વિચારસરણિને વરેલા ને કંઇક અંશે બુદ્ધિવાદી પણ ખરા. જ્યારે શ્રી જાગાણીભાઇ બુદ્ધિવાદી ઉપરાંત ખૂબ ભાવવાહી. એમનું હૃદય ખૂબ કોમળ ને સંવેદનશીલ, એક નિષ્કામ ભક્તનું હૃદય. એટલે શ્રી રામકૃષ્ણદેવ એમને ખૂબ ગમતા. સ્વામી વિવેકાનંદની બુદ્ધિ પ્રતિભા એમને આંજતી ખરી, પરંતુ શ્રી રામકૃષ્ણ દેવની સરળતા, સહજતા અને મા કાલી પ્રત્યેની ભક્તિ એમને ખૂબ ગમતી. એટલે તો Gospel of Ramkrina Paramhansa એમના દૈનિક વાંચનનો, ગીતાના અધ્યાયની જેમ એક ભાગ બની ગયેલ.

**અહંશૂન્ય અધિકારી**

શ્રી જાગાણીભાઇ સ્વર્ગારોહણ આવે ત્યારે જે કોઇ સત્કર્મની પ્રવૃત્તિ ચાલતી હોય તેમાં એક અદના સેવક બની જોડાઇ જાય, પછી ભલે પ્રવૃત્તિ મંડપ બાંધવાની કે છોડવાની હોય, કે સત્કર્મો માટેની સામગ્રી ગોઠવવાની હોય. મકાન બાંધકામમાં પાયામાં કોંક્રેટ ઠાલવવાની હોય કે તેના પર પાણીનો છંટકાવ કરવાની. કોઇપણ પ્રકારના કામમાં જોડાતાં એને નાનમ નહીં. એવું જ એનું સાધક ભાઈબેનો સાથે સલુકાય ભર્યો માનવીય અભિગમ. એનામાં સેનાપતિનો ગુણ ખરો, પણ તે સૌથી આગળ રહી, સૌની સાથે સાથે રહીને સૌને સમાનભાવે જોતાં, કામ કરતાં રહે. સંઘબળનો ઉપયોગ કરતા રહી, સૌ કામમાં સાથ ધરતા રહે. સૌને એમને જોતાં જ લાગે કે જાગાણીભાઇ છે ને, એટલે કામ થઇ જાય જ, એવો ભરોસો. અધ્યાત્મના કામમાં પણ અમારા માટે એવા જ ભરોસાપાત્ર.

**વૈજ્ઞાનિક અભિગમ**

શ્રી જાગાણીભાઈમાં ઘણા બધા ગુણોનો સરવાળો હતો. સ્વભાવ તો ઉદ્યમશીલ હતો જ. તેમાં આધુનિક યુગનાં સમય બગાડનાર દૂષણો રાજકારણ, ટી.વી. અને ક્રિકેટ જેવી રમતોમાં રસ કે રૂચિ નહીં. ઘરમાં ટી.વી. હતું ખરું, પણ કોઇ ચેનલોનું જોડાણ નહીં. એટલે કદીક સમાચાર જુએ, બાકી તેનો ઉપયોગ નહિવત્. એટલે ઓફિસેથી ઘરે આવી જમી લેવાનું ને બાકીના સમયનો ઉપયોગ શિક્ષણ ક્ષેત્રે દેશ અને દુનિયામાં થઇ રહેલા ફેરફારો વિષે વાંચે ને વિચારે, તેમજ તેમાંની કયી પદ્ધતિઓ



અપનાવવાથી વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીને લાભ થાય. વિચારસરણિ સ્પષ્ટ એટલે કોઇપણ પ્રશ્નનો ઉકેલ તરત જ સૂચવે. કોઈપણ બાબત વિષે વિલંબ નીતિ તેમને ગમે જ નહીં.

હું જાણું છું ત્યાં સુધી તેમના જીવનમાં આધ્યાત્મિકતા વિષેની સજાગતા, ખડસલીમાં ભણતા ત્યારે તેના સંચાલક અમુલખભાઇ ખીમાણી અને પછી લોકભારતી સણોસરાના ડૉ. કુમુદચંદ્ર ઠાકરના પરિચયે પ્રગટી, પાંગરી ને વિકસી.

**વિશેષતા**

શ્રી જાગાણીભાઈની વિશેષતાઓમાંની એક એ હતી કે કોઇનું પ્રવચન કે પૂ.માની સ્લટેનું લખાણ તેઓ અક્ષરસઃ નોંધી શકતા. શોર્ટ હેન્ડની ઝડપે તેઓ શુદ્ધ લિપીમાં નોંધી શકતા. પરિણામે તેઓ પોતે જે કાર્યક્રમમાં હાજર હોય તેની સંપૂર્ણ નોંધ તેમની પાસેથી મળતી. સૌથી મહત્ત્વની વાત તેથી એ બનતી કે પૂ.માની સ્લેટ દ્વારા લખાતી ઉત્તમ વાતોનો ઠીક એવો સંગ્રહ એમની પાસે લખાયેલો પડ્યો. ભવિષ્યમાં એનું સંકલન થઇ શકે.

**ન પૂરાય તેવી ખોટ**

ભૌતિક દૃષ્ટિએ શ્રી જાગાણીભાઇના સ્વર્ગવાસના પરિણામે પડેલી ખોટ પરિવાર અને યુનિવર્સિટીને ભરપાઇ થઇ શકે તેવી નથી. અધ્યાત્મ અને યોગેશ્વર પરિવારને પણ એમની અનુપસ્થિતિ કદી વિસરાય એવી નથી.

શ્રી જાગાણીભાઈની સાધનાત્મક અભિરુચિ છેલ્લાં વર્ષોમાં ખૂબ વિકસી હતી. એકાદ બે દિવસની રજા આવે કે તેઓ

સ્વર્ગારોહણ અંબાજી દોડી જતા. ત્યાં તેમની ત્રણ પ્રવૃત્તિ–પ્રાર્થના, કુટિયાની પ્રદક્ષિણા પ્રણામ ને પૂ.મા–પ્રભુના જપ, યોગતીર્થની સફાઈના વારામાં પોતે જાય, નહીં તો પત્ની મધુબેનને અચૂક મોકલે. પોતાના પરિચયમાં આવતા લોકોમાંથી કોઈનામાં પણ આધ્યાત્મિક અભિમુખતા જુએ કે તેને એક વર્ષ માટેના અધ્યાત્મના ગ્રાહક પોતાના ખર્ચે બનાવી દે. માત્ર પોતાનો જ આત્મિક વિકાસ થાય એવું એણે કદી ન ઇચ્છ્યું.

પૂ.ગુરુદેવ અને પૂ.મા એમના જીવનમાં એવાં તો વણાઈ ગયાં કે તેમનાં સ્વરૂપો ખુરશી પર પધરાવી રોજ જપ સાથે તેમની પ્રદિક્ષણા કરે. પૂ.માનું સ્વરૂપ પોતાના ટેબલની બરોબર સામે રાખે. કોઈ પણ પ્રવૃત્તિ કે નિર્ણય લેતાં પહેલાં એમને પ્રાર્થના કરે ને તે યોગ્ય રીતે થાય તે માટે માર્ગદર્શન માગે. આજના વિજ્ઞાનયુગમાં આવી આધ્યાત્મિક સમજ ધરાવતો, અહંશૂન્ય અમલદાર મળવો સાચે જ મુશ્કેલ.

અધ્યાત્મના કોઈપણ કામમાં કદી ના નહીં. જાતે ઘસાઈને પણ સતત મદદરૂપ થતા રહે. અધ્યાત્મને અતિ આધુનિક જ્ઞાન ધરાવતો છતાં સાવ મા–પ્રભુને સમર્પિત એવો સેવક સાચે જ મળવો મુશ્કેલ.

શ્રી જાગાણીભાઈનું શારીરિક કદ નાનું–શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જેવું પરંતુ એ કદમાં વિરાજતો આત્મા ખૂબ ઊંચો હતો. તેમનો વિશેષ ગુણ તે દરેક વ્યક્તિ સાથે તેમનો માનવીય અભિગમ. તેમની માનવીય સંવેદનશીલતા તો એટલી તીવ્ર કે પોતાના હાથ નીચે કામ કરતા પટાવાળાના અચાનક સ્વર્ગવાસ



પછી તેના પરિવારને ખાવાપીવાની કે તેનાં બાળકોને ભણવાની તકલીફ ના પડે, તેવી વ્યવસ્થા એક માસ પૂર્વે કરી, તે પરિવાર માટે ભગવાન બની ગયા.

### સમર્પિત પરિવાર

શ્રી જાગાણીભાઈનું સદ્‌ભાગ્ય રહ્યું કે પત્ની મધુબેન અને પુત્રીઓ કૃતિ–કૃપા તેમની સત્કર્મશીલ પ્રવૃત્તિઓમાં સદા સાથ આપતાં રહેતાં. સ્વર્ગારોહણની પ્રવૃત્તિમાં ઉપયોગમાં લેવાતી ગાદીઓ કે પથારીઓ, ઓસીકાં વગેરેનાં કવરો મહિનાઓ સુધી શ્રી મધુબેન મૌન જાળવી સીવતાં રહ્યાં.

### રાજકુમાર શા માટે?

શ્રી જાગાણીભાઈ કહેતા કે સમગ્ર વિશ્વની સંપત્તિનાં અધિષ્ઠાત્રી મા સર્વેશ્વરી છે એટલે એમના દીકરાના આધ્યાત્મિક સંબંધે હું માનો રાજકુમાર છું. પૂ.માએ પણ એમના આ ભાવને સ્વીકારેલ. તેથી જ તેમના અસ્થિકુંભને ગંગામાં પધરાવવા પૂ.મા પોતે જ તા.૧૩–૦૨ ના રોજ ભાવનગર પધારી, પૂરા શાન–માન સાથે પોતાની ગાડીમાં અમદાવાદ લઈ ગયાં, ત્યાંથી હરિદ્વાર પણ પોતાની સાથે લઈ ગયા. શ્રી જાગાણીભાઈએ તો પોતાના જીવનમાં પૂ.મા આવો ભાગ ભજવશે, તેવી તો કલ્પના પણ ક્યાંથી કરી હોય!

### સેવાભાવી વડીલબંધુ

શ્રી જાગાણી પરિવારના વડીલબંધુ શ્રી નાથાભાઈની સેવાઓ પણ નાનીસૂની નથી. છેલ્લાં સાત–આઠ વર્ષથી સ્વર્ગારોહણની પ્રાકૃતિક શોભા વધારવાનું એકધારું કામ તેઓ મૂંગે મોઢે કરી

રહ્યા છે. તેમજ સ્વર્ગારોહણના રસોડાની તેમની સેવાઓ કદી ભૂલાય નહીં તેવી છે. એવું લાગે આ જાગાણી પરિવાર પૂ.મા–પ્રભુનો છે અને પૂ.મા–પ્રભુના કાર્યોમાં સહાયરૂપ થવા માટે નિર્માયો છે. એટલે અંતમાં પ્રભુને એજ પ્રાર્થના કરી વિરમું છું કે હે ગુરુદેવ પ્રભુ! આપણા એ રાજકુમારને હવે પછીના જીવનમાં રાજકુમાર સિદ્ધાર્થ કે મહાવીરરૂપે જન્માવી, સમગ્ર માનવજાતને સુખ, શાંતિ ને આનંદનો સંદેશ પૂરા પાડવા જન્માવજો જેથી પૂ.માએ તેમને આપેલું રાજકુમારનું બીરુદ સાર્થક ઠરે. જેણે હજારોને શાંતિ, સુખ અને આનંદ ધરવા જીવનભર પુરુષાર્થ કર્યો છે, તેને સદૈવ શાંતિ હો, શાંતિ હો, શાંતિ હો, પ્રણામ.

### મોરબી ધ્યાનકેન્દ્રની શ્રદ્ધાંજલિ

મોરબી ધ્યાન કેન્દ્રના ભાઈઓ વતી શ્રી હરિભાઈ ભોજાણીએ શ્રી જાગાણીભાઈના સ્વર્ગવાસ અંગેનો શોક ઠરાવ મોકલાવી, તેઓના જવાથી તેમના પરિવાર તથા 'અધ્યાત્મ' પરિવારને પડેલ ખોટ અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. સાથે તેમના ઉત્તમ ગુણોને બીરદાવ્યા છે.

આ ઉપરાંત મોરબી ધ્યાન કેન્દ્રમાં વર્ષો સુધી સેવા આપનાર શ્રી નીલમબહેન પૂજારાના સ્વર્ગવાસ અંગે પણ શ્રદ્ધાંજલિ અર્પવામાં આવેલ છે. ઘણાં વર્ષો સુધી મોરબી ધ્યાન કેન્દ્રના આધારસ્થંભ રહેલ શ્રી સુખલાલભાઈ પૂજારાના તેઓ પુત્રવધૂ થાય. પૂ.મા–પ્રભુ તેમના જીવને પણ શાંતિ આપે એ જ પ્રાર્થના.



# જવાબદાર મુમુક્ષુના લક્ષણો

પૂ. ગુરુદેવ શ્રી રાકેશભાઈ

### દમનને કાઢો

જવાબ સ્પષ્ટ છે અને બોધક છે. નાના કારણથી તેને ગુસ્સો થાય છે, કારણ કે મોટા કારણથી થાય ત્યારે એ ગુસ્સાને તે દબાવી દે છે. નિર્દોષ વ્યક્તિની સામે તે ફરિયાદ કરે છે, કારણ કે જવાબદાર શક્તિશાળી વ્યક્તિની સામે તે કંઇ બોલી શકતો નથી. 'સાચો' ગુસ્સો દબાવે છે એટલે ખોટો નીકળે છે. સાચા–મોટા કારણથી ન કરે એટલે નજીવા–નાના કારણથી કરે. મોટું કાણું પૂરી દે તો નાના કાણામાંથી વરાળ નીકળે, પણ વરાળ તો નીકળવાની જ. અંદર છે તે વરાળ બહાર નીકળ્યા વગર રહેવાની નથી.

તે અત્યારે અમસ્તો ગુસ્સે થાય છે, કારણ કે ભાનપૂર્વક થવાનો પ્રસંગ હતો ત્યારે તે ગુસ્સે થયો ન હતો. ત્યારે તો ગમે તે કારણસર મનને મનાવી લીધું, કષાયને આટોપી લીધો. પરંતુ આમ કરવાથી કષાય અવચેતન મનમાં–Underground (ભૂગર્ભ)માં ચાલ્યો જાય છે. આવાં Underground કષાય–કુવૃત્તિઓ ખૂબ નુકસાન કરે છે. માટે નિત્ય નિરંતર આત્મનિરીક્ષણ કરી તેને બહાર કાઢો.

કોઈ પ્રસંગમાં ધારો કે બીક હતી, તેથી જેમ તેમ કરીને ગુસ્સો દબાવ્યો. એટલે પછી સહેજ સ્પર્શ થતાં એ ભરાઈ રહેલો ગુસ્સો બહાર નીકળ્યો. જેની સામે ગુસ્સો કરવાનો સાચો પ્રસંગ હતો, એની આગળ તે ડરી ગયો અને શાંત રહ્યો. પછી બૂમો

પાડ છે નિર્દોષ વ્યક્તિની સામે! જ્યાં કારણ હતું ત્યાં ગુસ્સે થવું ન પરવડ્યું, માટે જ્યારે કારણ ન હતું ત્યારે થવું પડ્યું. પછી પોતાને પણ નવાઇ લાગી કે હું આટલા નજીવા કારણથી કેમ ગુસ્સે થાઉં છું?

આવો કારણ વગરનો ક્લેશ કે કુવૃત્તિઓ જાગે ત્યારે થોડી તપાસ કરવી જોઇએ. આજે ગુસ્સો કેમ થયો એની તપાસ નહીં, પણ ગઇ કાલે અથવા છેલ્લા થોડા દિવસોમાં પોતે કેમ ગુસ્સે થયો ન હતો એની તપાસ! વરાળ આ નાના કાણામાંથી કેમ નીકળે છે એની તપાસ વ્યર્થ છે, પણ વરાળ કેમ ભરાઇ એની તપાસ સાચી છે અને જે મોટા કાણામાંથી એને નીકળવાનો સ્વાભાવિક રસ્તો હતો તે કેમ પુરાઇ ગયું એ સાચી તપાસ છે. દમન ક્યાં થયું એની તપાસ કરવી વધુ અગત્યની છે.

### યથાર્થ તપાસ કરો

તેને જીવનમાં અસંતોષ છે. બધાની સામે ફરિયાદ છે. નસીબની સામે ફરિયાદ છે. ભગવાનની સામે ફરિયાદ છે. તેને લાગે છે કે જીવનમાં તેને ન્યાય મળ્યો નથી, તક મળી નથી, ટેકો મળ્યો નથી. જીવનમાં સંતોષ નથી. ધર્મમાં સંતોષ નથી. પણ એ મોટાં કારણો છે, મોટા પ્રશ્નો છે. એમાં ઊંડે જવા તે માંગતો નથી. સાચું કહેવામાં તો પોતે ડરે છે, માટે એમાં તે ચૂપ રહે છે. પરંતુ અસંતોષ રહે છે, ફરિયાદ રહે છે, ગુસ્સો રહે છે અને એ પછી ગમે તેવા નજીવા પ્રસંગે બહાર નીકળે છે.

વાત વાતમાં અન્ય પર ક્રોધ વરસાવનાર વ્યક્તિ સબળી નથી, નિર્બળ છે, કાયર છે, સત્ત્વહીન છે. ઘરે પત્નીની સામે ગુસ્સો કાઢે, દીકરાની સામે કાઢે, નોકરની સામે કાઢે. બારણું



જરા જોરથી બંધ કર્યું એટલે બૂમ અને બારણું ખુલ્લું રાખ્યું ત્યારે પણ બૂમ. દાળ ઠંડી હતી તોય ગુસ્સો અને ગરમ કરીને આપો તોય ગુસ્સો—ક્યારે કોની ઉપર વીફરે એ કહેવાય નહીં. તેને પોતાને ખબર નથી, કારણ કે કાબૂ પણ નથી. વરાળ નીકળતી રહે અને બીજી બાજુ એ ભરાઇ રહે, કારણ કે મૂળ કારણો તો યથાવત્ વિદ્યમાન છે. મૂળ કારણને શોધીને એનો યથાર્થ ઇલાજ કર્યો નથી, એટલે તે સમસમે છે.

જીવનમાં ક્યાંક ને ક્યાંક તેને નિષ્ફળતાનો કાંટો ડંખે છે. ધંધો, સંબંધો, સ્વાસ્થ્ય પોતાની મરજી પ્રમાણે ચાલતાં નથી. ત્યાં તો છૂટકો નથી, તેથી તે પરાણે શાંત રહે છે. પણ પછી ગમે ત્યારે ધડાકો થાય છે, ગમે તેની ઉપર ગુસ્સે થાય છે અને પછી પસ્તાવો કરે છે, દુઃખી થાય છે, નવાઇ પામે છે. મને આમ કેમ થતું હશે? નજીવા કારણથી હું કેમ ગુસ્સે થાઉં છું? જેના તેના ઉપર હું કેમ ગુસ્સો કાઢું છું? મારો ગુસ્સો કેમ વધી ગયો છે? મને થયું છે શું?

### દરેક પ્રસંગમાંથી શીખો

સાચો મુમુક્ષુ એ છે કે જેને પોતાની શુદ્ધિ કરવી છે, પ્રસંગો પરથી શીખવું છે, ભૂલ ટાળવી છે. તેથી તે સારા કે ખરાબ—દરેક પ્રસંગને પાછો ફેરવે છે, પોતાની વૃત્તિપ્રવૃત્તિનું વિશ્લેષણ કરે છે. આમ કરવાથી તેને સ્પષ્ટ, વ્યક્તિગત બોધ શીખવા મળે છે. પ્રસંગોને મનોપટ પર સજીવન કરવાથી જે બોધ શીખવા મળે છે, એ પોતાને અનુલક્ષીને હોય છે અને તેથી એ બધુ કાર્યકારી નીવડે છે. આ કારણે ખપી જીવ તો પ્રસંગોને, વૃત્તિઓને પાછાં ફેરવી જઇ તેમાંથી બોધ ગ્રહણ કરતો જ રહે છે.

બોધગ્રહણનો એક પણ અવસર સાચો સાધક છોડતો નથી. આ બાબતમાં તે અત્યંત લોભી હોય છે! શતરંજનો પીઢ ખેલાડી રમતના છેલ્લા પાસા ફેંકાય ત્યાં સુધી જીતની આશા છોડતો નથી. છેલ્લી ચાલમાં પણ તે બાજી પોતાના અંકે કરી લે છે. એવી રીતે જ, ગમે તે પ્રસંગ બન્યો હોય, ભલે તે દરમ્યાન ગમે તેટલું નુકસાન થયેલું દેખાતું હોય, પણ અંતે તો તેમાંથી સાધક લાભ કરીને જ બહાર નીકળે છે; અર્થાત્ એ પ્રસંગોમાંથી તે એવો બોધ ગ્રહણ કરી લે કે ભવિષ્યમાં ક્યારેય એવી ભૂલનું પુનરાવર્તન ન જ થાય. આમ, નુકસાન ઓછું અને લાભ વધારે કરીને જ તે જંપે.

જીવનમાં કશાથી ભાગવાનું નથી—જે કાંઇ આવે તે ભગવાનની ભેટ તરીકે ગણી લેવાની આપણી તૈયારી રહે તો કેવી મઝા!

ભગવાનના નામનું સતત પ્રેમપૂર્વક સ્મરણ રસ સાથે કર્યા કરવાનું દિલ રહ્યા કરે ને એનામાં જ દિલ પરોવાયા કરાય એ જ આપણું પરમ કર્તવ્ય છે. એના સિવાયનું સર્વ, આપણું મુખ્ય કામ નથી, પણ ગૌણ છે.

**—પૂ. મોટા**



# દૈનિક પ્રાર્થનાઓ

— ડૉ. બી. જે. જાગાણી

**શ્રી જાગાણીભાઈની રોજનીશીઓ**

શ્રી જાગાણીભાઇ પોતાની રોજનીશી લખતા. તેમાં પૂ.મા—પ્રભુને પ્રાર્થના તો હોય. ઉપરાંત વ્યાવહારિક જીવનની નાની મોટી સમસ્યામાં તેઓ પૂ.મા પ્રભુની મદદ માગતા રહેતા, તે પણ જોવા મળે છે.

એમનો સ્વર્ગવાસ તા.૦૯—૦૨—૧૨ના રોજ થયો. કિન્તુ તેમની રોજનીશીમાં તા.૨૭—૦૧—૧૨ સુધીની નોંધ છે. સંભવ છે કે સ્વર્ગારોહણના સેવક શ્રીનાથાભાઇ તેઓના મોટાભાઇ થાય અને તેઓની માંદગીની વ્યસ્તતાના પરિણામે તેઓ નોંધ લખવા જેટલા સમય અને માનસિક સ્વસ્થતા ન ધરાવી શક્યા હોય.

ગમે તેમ, પણ શ્રી જાગાણીભાઇની નોંધપોથી, એ એક મા—પ્રભુ સમર્પિત ભક્ત હતો, તે વાતને સમર્થન આપી જાય છે. બીજાઓને પ્રેરણારૂપ પણ છે.

**— તંત્રી**

**ૐ મા—પ્રભુ**

**તા.૨૪—૦૧—૨૦૧૨, મંગળવાર**

પૂ.શ્રીમા,

આપનાં શ્રી ચરણોમાં કોટિ પ્રણામ. ગઇકાલે એક લેખ વાંચ્યો. અંગ્રેજી ભાષામાં હતો. ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં આવ્યો

'The Journey'—યાત્રા પર હતો. એ પુસ્તક છે. એમાં અનુભવી લેખકે લખ્યું છે કે બાળક બની જાઓ તો તમારા શરીરનાં માંદા કોષો દૂર થઇ જાય છે ને તે સાજા થવા લાગે છે. કર્મોનો ભાર ઉતરી જાય છે. બાળક થઈને પ્રભુને સઘળું સોંપી દો તો તમને સર્વકાંઇ ચિંતા સતાવે છે તે રહેતી નથી.

એ વાંચ્યા પછી આનંદ થયો કે માનું જીવન પણ બાળક જેવું જ છે. વળી માતા બનીને સૌને બાળક જ બનાવી રહ્યાં છે. પોતે બાળક ને અન્યો પણ બાળક. બાળકોની જ જાણે ફૂલવાડી. સમગ્ર વિશ્વને એ રીતે જોઇને એમ સમજીને, એમ ધારીને વ્યવહાર કરનારી એ વિશ્વમાતાનાં હૃદયમાં સર્વપ્રકારે સમગ્ર માનવજાત પર અખંડ પ્રેમ સતત પ્રાદુર્ભાવ પામીને વહ્યા જ કરે છે. જાણે ગૌમુખમાંથી પ્રકટ થઇને ગંગામૈયાનો સમગ્ર હિમાલય પર સતત અભિષેક થાય તેમ! અભિષેકનો જ મહોત્સવ ને અભિષેકનો જ યજ્ઞ. એ જ કર્મ ને એ જ ફળ, અરે! એ જ પ્રસાદ. કેવો મહોત્સવ છે એનો ખ્યાલ નજીક વસનારાંને તો આવે જ છે પણ દૂર દૂર પણ કલ્પના કરીને પૂ.શ્રીમાના પ્રેમના આકાશમાં વિહંગ બનીને વિહરવાની મજા પણ માણી લેવાય છે. પ્રણામ.

### તા. ૨૬–૦૧–૨૦૧૨, ગુરુવાર

પ્રભાત થયું. સાત વાગી ગયા. આળસ જ છવાઇ ગયેલી રહે છે. રાત્રે પૂ.શ્રી માએ સ્વપ્નદર્શન આપ્યું. એક જ પલંગ પર બેઠાં હતાં. પડી જતાં નહીં એમ કહ્યું.

નિત્યક્રમ પ્રમાણે પૂજા કરી. આજે ચોથ રહ્યા. શ્રી ગણપતિજીનું પૂજન કર્યું. માત્ર પાણી પર જ દિવસ પૂર્ણ કર્યો.



સાંજે ડ્રાયફ્રૂટયુક્ત દૂધ લીધું. પૂ.શ્રીનું પ્રવચન 'રામાયણ પર' સાંભળ્યું. પૂ.શ્રી સ્વયં સરસ્વતીમાતાનું રૂપ ધારણ કરીને રામાયણ પર પ્રવચન આપે છે. અસ્ખલિત ધારા વહે છે. એ સાંભળ્યા જ કરીએ એમ થાય.

રાત્રે મધુનો ફોન અંબાજીથી આવ્યો. પૂ.માને ફળોની કોથળી ગમી, જાગાણી જ ૧૦૦૮ કોથળી સીવીને મોકલે એમ કહ્યું. ભગવાન એ રીતે યાદ કરે છે એ પણ કળીયુગમાં મોટી કૃપા કહેવાય. પ્રજાસત્તાક દિવસ હતો. કોઇ વિશેષ જવાબદારી નહોતી એટલે ખૂબ શાંતિ હતી. આવી શાંતિ કાયમ મળી રહે એવી પ્રાર્થના કરી. કોઇની સાથે વિશેષ વાત નહીં. ક્યાંય વ્યવહાર નહીં, ક્યાંય રાગ દ્વેષ નહીં. સર્વત્ર સાક્ષીભાવ જ રહ્યો. પ્રભુના દર્શનનો વિરહ રહ્યો. પણ દર્શન કાંઇ એમ થાય? પ્રણામ.

### તા.૨૭–૦૧–૨૦૧૨

પ્રભાત થયું. ઊઠતાં ઊઠતાં રોજની જેમ વિવિધ શ્લોકોનું ગાન મનમાં ને મનમાં થાય છે. ગણપતિજી, સૂર્યદેવ, લક્ષ્મીજી, મા—પ્રભુના શ્લોકો સ્તુતિઓ તો પથારી છોડાય તે પહેલાં જ થઇ જાય. દિવસ સરસ રીતે પસાર થાય ને શાંતિ મળે તે માટે વધારે પ્રાર્થના થાય છે.

નાનાં બાળકને બાલમંદિર ભણવા જવું ન હોય, પરાણે મોકલે ને બહાના કાઢે તેમ મન પણ ઘણો બળવો કરે કે આજે નોકરીએ જવું નથી, રજા મૂકી દેવી. બહાના કાઢવા. આવું થાય. વળી મનને મનાવી લેવાય છે કે અપમાન ભલે થાય. તારું ક્યાં થાય છે? એ તો પરમાત્માની પ્રસાદી છે. માન પણ

ખરાબ, અપમાન પણ ખરાબ. બંને ખરાબ, સારું શું? પરમાત્મામાં મનને સ્થિર કરવું તે જ. મા—પ્રભુનું સ્મરણ કરવું તે જ. આ પણ વચગાળાની સ્થિતિ છે. તે ક્યાં કાયમની સ્થિતિ છે. એટલે તું જા. નોકરીએ જા. પગાર મળશે. તેમાંથી તારી આજિવિકા ચાલશે. પરિવારનું પોષણ થશે. વળી સ્વધર્મનું પાલન થશે. લોકની સેવા થશે. સૌને રાજીપો મળશે. આવી આવી પ્રેરણાથી મન પાછું પોતાનાં કામમાં લાગી જાય છે. આ એક યંત્રવત જીવનની રૂપરેખા આપી. આમાં મા—પ્રભુનો પ્રેમ છે એટલે સારી રીતે જીવન જીવાય છે. હે મા! આપ જ એ મનને રંગી દો. પરમાત્માના પ્રેમથી ભરી દો. તરોતાજું બનાવી દો. મહાન બનવાને બદલે જે મહાન છે તેની સાથે જોડી દો. સંબંધ બાંધી દો. આટલી પ્રાર્થના સાંભળી લો. હે પરમાત્મા! એટલું કરી દો. પ્રણામ.

હળવા થાઓ, ખાલી થાઓ ને ભરાઇ જાઓ પ્રભુ પ્રીતથી. —મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# પૂ.માના સાન્નિધ્યમાં નવરાત્રિ નંદગૃહે(૩)

(ગતાંકથી ચાલુ) — આશા ભક્ત

એક બેઠકમાં શ્રીમાનાં એક્સીડન્ટની પણ વાતો થઇ. શ્રીમાની પાસે અત્યંત દૃઢ મનોબળ છે હિમાલાય જેવી અડગ સંકલ્પશક્તિ...લક્ષ્ય સુધી પહોંચવા માટે જે ગતિ જોઇએ તેની ઝડપની તો કોઇ માપણી ન કરી શકાય. એનેસ્થેશીયા લીધા વગર પગમાં લાગેલા સ્ક્રુ કઢાવ્યા..અતિશય દારૂણ પીડામાં પણ જેનાં મુખ ઉપરનું હાસ્ય, સ્મિત જરા પણ ન મુરઝાયું. આ અમારી મા છે.. આપણી મા.. અદ્‌ભુત અને અતિશય ઋજુ, સંપૂર્ણ માનવીય ગુણોથી સજ્જ તમે ભૂલો શોધી પણ ન શકો. જીવનનું દરેક પાસુ ઉત્તમ ગુણોથી સુશોભિત..મધુર..શ્રેષ્ઠ અને સુંદર. શ્રીમાને જોઇને જ મૂકવાનું મન ન થાય એવા મહાન..એમનાં પરિચયમાં આવ્યા પછી વ્હાલનો સ્નેહનો સાચો અર્થ સમજમાં આવતો થઇ જાય.

છેલ્લા બે દિવસ ધૂન રાખવામાં આવી. ધૂનમાં મુખ્ય સૂત્રધાર કેનેડા ટોરેન્ટોનો લાડ પરિવાર. તેમાંય ઉમેશભાઇનો અવાજ...હિતેશભાઇનાં તબલા..કાંસા..મંજીરા વાંજિત્રો ઉપર પણ અદ્‌ભુત હથોટી. એમને ગાતા સાંભળીએ તો લાગે કે દેવતાઓનાં દરબારમાં વાગતું સંગીત સાંભળી રહ્યા છીએ. મીઠા પ્રેમભરેલાં અવાજમાં શ્રીમા પ્રત્યે છલકાતી અખંડ શ્રદ્ધા ભક્તિ જ્યારે સૂરમાં છલકાતી હોય ત્યારે પરમાત્મા પણ કદાચ કાન

ધરીને સાંભળતા હશે. આ ધૂનનો જાદુ હજીય મારા મન અંતરમાંથી ઓસર્યો નથી.

૯/૧૦ નાં દિવસે પણ ૧૨ થી ધૂન હતી એ સમય લંબાયો. સાંજે સતત પાા સુધી. શ્રીમા ત્રણ વાગ્યે બેઠકમાં આવે છે ત્યારે ધ્રુવનાં અવાજમાં ધૂન ચાલતી હતી અને આ નવા નાનકડા છોકરાઓ એવું તાલબધ્ધ સંગીત વગાડે કે આપણું મન સીધુ પરમાત્માના પ્રદેશમાં પહોંચી જાય. અરે! ધ્રુવ તો મોટો છે પણ હિતેશભાઇનાં બંને નાનકડા દીકરા.. અરે બંનેએ રાષ્ટ્રગીત ગાયુ..ધર્મા પણ કમાલનો અવાજ લાવી અને પેલી સાવ નાનકડી નૌકા એકદમ છટાથી પ્રાર્થના પૂર્ણ કરી...એણે "આપજો આપજો સારુ સઘળુ મને..." આ બધુ આપણને ચકિત દિગ્મૂઢ કરી મૂકવા માટે બસ છે. દરેક દિવસો એક એકથી ઉત્તમ વીત્યા.

શ્રીમાની સ્લેટ હવે ટહુકો કરે છે કે "કેટલા વખતથી આપણે વાણીનો વ્યાપાર કરતાં રહીએ છીએ. થોડા શાંત થઇને બેસીએ, ધ્યાન, મૌન, પ્રાર્થના દ્વારા પોતે જ પોતાને મળી લઇએ. મીતાબહેનનાં મમ્મી પપ્પા સાથે ઓટાવાથી શ્રી યોગેશ્વરજીનાં ઘણાં બધા ભક્તો પધાર્યા છે. શ્રીમા એમને શ્રી યોગાનંદજીનાં ઘણાં બધા ભક્તો પધાર્યા છે. શ્રીમા એમને શ્રી યોગાનંદજીના પ્રસંગો સંભળાવવાનું કહે છે." શ્રી અમેયભાઇ બે સુંદર પ્રસંગો કહે છે. શ્રીમા : "અમારે ત્યાં તો ૧૦૮ પ્રસંગો સાંભળવાની પ્રથા છે." ભક્તિમય વાતાવરણમાં ઓર ઉમેરો થાય છે. એમની સાથે એક અંગ્રેજબહેન પણ છે—મેરી—એઓ કૃષ્ણધૂન ગાય છે, અંગ્રેજીમાં—સૌને ખૂબ આનંદ આવે છે.



શ્રીમા લખે છે—"દરેક મહાપુરુષો આવા ભક્તિમય વાતાવરણમાં આવ જા કરતા હોય છે. એમની કૃપા વિનાં એમનું સ્મરણ શક્ય નથી. જ્યાં સ્મરણ ત્યાં તેઓ હાજર. જ્યાં ફૂલ ત્યાં સુગંધ, સુગંધ જોવાથી નહીં સૂંઘવાથી જ મહેસૂસ થાય. તો સુગંધની માફક જ પરમાત્મા, પરબ્રહ્મ પરમાત્માને જોઇ શકાતા નથી. જો આપણી પાસે પવિત્રતાનાં ચશ્મા, તપનાં ચશ્મા, સાધનાનાં ચશ્મા હોય તો પરમેશ્વરનો અનુભવ થાય. રોજ રોજ તપ, વ્રત, જપ, તપ કરવાં. મહાપુરુષો આપણી આસપાસ જ હોય છે. એમને તેડવા પડે, પકડવા પડે, શોધવા પડેય. એમને શોધવાના માર્ગો અનેક છે."

ધ્યાન, જપ, તપ, પ્રાર્થના, પ્રેમ..કોઇક દિવસ તો પ્રભુ મળે ને? રોજ રમત રમીએ...હારી જઇએ..પણ કોઇવાર તો જીતીશું ને? શ્રદ્ધાથી થાક્યા વિના શોધ કર્યા જ કરીશું. અરે! આ ગૂગલ ઉપર બધીજ માહિતી મળી શકે પણ—એ પ્રભુને શોધી ન શકે એના વિશે એ ક્યાં કોઇ માહિતી પૂરી પાડે પૂરેપૂરી... એને મર્યાદા છે. પણ આ બધા સાધનોથી શ્રદ્ધા વધે છે કે આપણી વાત ઇશ્વરને પહોંચતી જ હશે. આપણા વિચારોની ગતિ સૌથી વધુ ઝડપી છે, અને એ ઇશ્વરને પહોંચે જ છે. ગુરુમાં શ્રદ્ધા રાખો. મંકોડાની માફક ગુરુને ચીટકી રહો. ગુરુના મુખને વાઘનું મુખ કહ્યું છે. એઓ આપણને ડોકમાંથી જ પકડે છે. એઓ આપણને કદીપણ છોડી જતા નથી. આપણને જ ગુરુને ભૂલી જવાની ટેવ છે. દિવસના કેટલાંયે કલાકો આપણને ગુરુને ભૂલીને ફરવાની ટેવ હોય છે, પણ ગુરુ સતત સંભાળતા હોય છે. આપણે ભલે એમને ન જોઇ શકીએ પણ ગુરુ આપણી સંભાળ રાખતા હોય છે. શરીરથી ભલે ગુરુ દૂર હોય—ન

દેખાતા હોય, પણ આપણે મનથી સતત ગુરુની સાથે રહેતાં શીખીએ.

"હવે લો પ્રસાદ, પહેલા ૧ાા કલાક રમો વોલીબોલ

અને ૭ વાગ્યે જમો." આજે તમે સૌ આવ્યા

જાણે ગુરુજનોની સુગંધ લાવ્યા." નવ મંત્રગાન સાથે આ પર્વનાં પાવન દિવસો નવરાત્રિથી જાણે સ્મૃતિ બની ગયા. ૧૦।૧૦। અમે સૌ છૂટા પડ્યા.

આ દિવસોમાં શ્રીમાનાં સતત દર્શન મળ્યાં. એમનું અત્યંત મધુર આનંદસ્વરૂપ સતત આંખો સામે રહ્યું. મન અંતર જાણે વિશુદ્ધ બન્યું. શ્રીમા માનવ સ્વભાવને ખૂબ જાણે છે. આ દિવસોમાં અમને શ્રીમાએ એમનાં આનંદમય પ્રેમસ્વરૂપને સતત બતાવ્યું.

આ લખું છું ત્યારે ૧૪ તા.શ્રી રાત્રિનાં ૧૧ વાગ્યા છે પણ મન હજીયે એ પર્વનાં દિવસોમાં જ ખોવાયેલું રે છે. એ ક્ષણો મનમાંથી ઘડી પણ વિસરાઇ નથી એ જાદુઇ ખુમારી મારા અંતરમાં આનંદની મીઠી લહર બની ફર્યા કરે છે એ જ સાબિત કરે છે શ્રીમાનું સાંનિધ્ય કેવું તલસ્મી છે. કેટલી સુગંધીભરી છે એમના અસ્તિત્વમાં, કેટલું બધું બોલકું છે એમનું મૌન, જે અમારા કઠણ અંતરને વીંધીને અંદર સ્નેહ બની પથરાઇ જાય છે.

**"મારી નાનકડી આંખોએ**
**દર્શન કર્યું માનું અનોખું**
**પૃથ્વી પટે ન કોઇ જોયું**
**જે હોયે માનાં જેવું."**



આ દિવસોમાં અમારો સૂર્ય શ્રીમાનાં દર્શને જ ઉગતો અને એમના પ્રિયદર્શનથી જ રાત્રિ શરૂ થતી. દિવસો પૂર્ણ થાય છે, બધા જ પોતપોતાનાં કાર્યક્ષેત્રમાં પહોંચી જાય છે પણ જે સુગંધ ...જે શીખ...જે સ્નેહ અમે પામ્યા એ અમારા અંતરમાં અનંતકાળ સુધી સ્મરણે રહેશે.

હે પ્રિય મા, આપનો ખૂબ ખૂબ આભાર. આપનાં શ્રી ચરણોમાં અમારા સૌનો સ્નેહ નિરંતર વહેતો રહો.

પ્રણામ, હે પ્રિય, અખંડ પ્રણામ.

પવિત્ર દિવસોમાં જે ધૂનથી અમારા હૈયે હેલીચડી જતી એ શબ્દોથી જ વિરામ લઉં છું....

**મેં તો શણગાર્યો ચાચરચોક, માડી ઘેર આવોને,**
**વાગે ઢોલીડાનાં ઢોલ, માડી ઘેર આવોને.**

હે પ્રિય, પ્રણામ...

**પૂ.મા સંગાથે નવરાત્રિમાં ભાગ લેનાર સદ્ભાગી ભક્તો**

શ્રી નન્દુભાઇ, કપિલાબહેન, જયંતિભાઇ, ઉર્મિબહેન, અંબુકાકા, હંસાબહેન, રુક્ષમણીબહેન, પદ્માબહેન, ભારતીબહેન, જગુભાઇ, નિરૂબહેન, લતા, જ્યોતિબહેન, ગીતાબહેન, રુક્ષ્મણીબહેન, ઉમેશભાઇ, રંજનબહેન, હિતેશભાઇ, ક્ષીપ્રા, એક કાકા(નામ નથી ખબર) હેમંતભાઇ. પંકજભાઇ, આશા, દમયંતીબહેન, રંજનબહેન, શારદાબહેન, સોનલ, ઉજ્જવલ, હેમાલી જગુભાઈ, નયના, નયના... વચ્ચે વચ્ચે આવજા કરતાં ટોરન્ટોનાં સૌ સેવાભાવી પરિવારજનો નરેન્દ્રભાઇ, પુષ્પાબહેન, ડાહ્યાભાઇ, યોગેશ, દેવ, નૌકા, નાનકડા બાળકો મીતા, ઉષાબહેન્ું નામ ભૂલી હોંઉ તે પણ સૌનાં વતી પ્રિય શ્રી શ્રી માનાં ચરણોમાં નિત્ય પ્રણામ.

# પનામાનો પુણ્ય પ્રવાસ

– મા સર્વેશ્વરી

### ૭–૮–૦૫ રવિવાર

પ્રભાત પ્રગટે છે. શીર્ષાસન ને પ્રણામનો નિયમ શ્રી હરિ જ પાળે છે.

મંત્ર જપ થવાના શરૂ થયા ત્યાં જ શ્રી ગુલાબબહેન આવે છે.

મા, આજે બે બહેનો જાય છે. તેઓ તમારા દર્શને આવી છે.

મા મળે છે. પછી ખબર પડી છે કે એ બહેન તો છેક સાંજે જશે. માએ કહ્યું : તો શા માટે માને ખલેલ કર્યા. ને મા મુલાકાતમાંથી ઊભા થઇ જાય છે.

એક બહેન કહે, મા તમારા દર્શન મને સપનામાં થયાં. વરદ હસ્તની મારી માંગણી તમે પૂર્ણ કરી. પણ તે સપનાનો આનંદ વર્ણવી ના શકાય તેવો છે. તે દિવસે આખો દિવસ આનંદ આનંદ ને શક્તિ ને સ્ફૂર્તિ. ખૂબ આનંદ થયો હતો.

આજે એક વાગે પનામાના શ્રી હરિ કૃષ્ણ મંદિરમાં આમંત્રણ હતું તો જવાનું બને છે.

હાઇવે ઉપર જ સ્થાન છે. નાનકડું છે. પગથિયાં ઉતરીને જવાનું છે. ચાદરથી પગદંડી બનાવી છે. મા જેવાં પગથીયાં ઉતરીને દ્વારે પહોંચે છે ત્યાં શ્રી કાન્તાબહેન આરતી ઉતારે છે. મંદિરના કાર્યકર્તા છે. કફની ધોતી કપાળે તિલક છે. તેઓ પુષ્પની માળા પ્રભુને અર્પણ કરી કહે છે.



પધારીએ માતાજી, હરે કૃષ્ણ મંદિરમેં આપકા સ્વાગત હૈ. નાનાકડો હોલ છે. મંદિરની સામે જ સોફા ઉપર સુંદર બેઠક બનાવી છે. મા ત્યાં બેઠક પ્રણામ કરીને લે છે. તે પહેલાં સૌને હાથ જોડે છે. ધૂન ચાલી રહી છે.

બેસતાં જ માએ લખ્યું. ૧૯૮૧માં શ્રી પ્રભુપાદનું જીવનચરિત્ર વાંચ્યું છે. વૃંદાવનમાં, અમેરિકાના વ્રજમાં ને ઇંગ્લેડના હરેકૃષ્ણ મંદિરમાં દર્શન અમે કર્યા છે. વળી પ્રભુપાદની જે પ્રતિમા બનાવી તે શ્રી લોચન દાસને પણ અમે મળ્યા છીએ.

આ સ્લેટનું લખાણ વાંચી તે ભક્ત પુરુષ વારંવાર જય જયકાર કરાવવા લાગ્યા. પ્રસન્ન થઇને જાણે સતત પોતાનો ભગવદ્‌ભાવ વ્યક્ત કરવા લાગ્યા.

ત્યાર પછી મંદિરની પનામીયન ઉચ્ચારવાળી વિશિષ્ટ હરેકૃષ્ણની એક બહેન ગવડાવે છે. સૌ ઝીલે છે.

પ્રભુના મંદિરનો પડદો ખુલે છે ધૂન દરમ્યાન આરતી થઇ ગઇ છે.

ધૂન શરૂ થઇ ત્યારથી જ સૌ ઉભા છે. મા પણ હાથ જોડી ઉભા છે.

ધૂન પૂર્ણ થતા જ અહીં નૃસિંહ ભગવાનની પણ આરતી ઉતારે છે. તેમની પણ એક ધૂન જેવા જ શબ્દો હતા.

જેમાં હિરણ્યકશ્યપુ, પ્રહલાદ, નૃસિંહ ભગવાનના નામ આવતા હતા.

આરતી પૂર્ણ થતાં જ પેલા ભક્ત પુરુષ જાહેર કરે છે.

હવે માતાજી પોતાનો સંદેશ આપશે.

માને તો મૌન છે.

મા લખે છે : અમારા ગુરુદેવ પોતાના પ્રવચનમાં વારંવાર પ્રભુપાદ સ્વામીની વાતો કરતા હતા.

એ લખાણને પણ જયજયકાર સાથે વધાવી લીધું.

શ્રી સુરેશભાઇ શાહ થોડી વાતો કરે છે. બે વાગે દર્શન બંધ થઇ ગયાં છે.

પેલા ભક્ત પુરુષ, માના પુનિત પગલાથી અમને સૌને દર્શન સુખ મળ્યું ને ફરી પધારો ત્યારે જરૂર પધારજો એવી વાતો કરી.

મા ઉઠે છે તે પહેલાં પ્રભુપાદ સ્વામીને પ્રણામ કરે છે. પેલા ભક્ત પુરુષ ગાડી સુધી મુકવા આવ્યા છે. ફરી ફરી પધારજો એ શબ્દો વારંવાર સાંભળવા મળતા હતા.

પૂ.શ્રી તરફથી આજે ૫૦૦ ડોલર શ્રી હેરકૃષ્ણ મંદિરને પણ અર્પણ કર્યા છે.

ત્યાંથી વિદાય લઇ એ શહેરના વિવિધ માર્ગ ઉપર લગભગ ૦II કલાક ગાડીમાં બેઠા બેઠા ફરવાનું બન્યું. કારણ બે બસ ને ૪, ૫ ગાડી જે માની સાથે હતી તે સૌ મંદિરમાં પ્રસાદ માટે રોકાયા છે.

હવે બહાઇ ધર્મનું પ્રાર્થના મંદિર જે પર્વત ઉપર છે ત્યાં જવાનો કાર્યક્રમ છે. બન્ને બસ ઉપર પહોંચે પછી માની ગાડી ત્યાં પહોંચી છે.

અહીં એક હોલમાં ખાસ પરવાનગી મળી છે. જેથી મા સાથે સૌ બેઠા છે.

મા સાથે આજે ૪૦, ૪૫ યુવાન ભાઇ—બહેનો, વિદ્યાર્થીઓ



છે તેમની પાસેથી મા પનામા વિશેના પ્રશ્નો પૂછી માહિતી મેળવે છે.

૧) પનામા પ્રદેશ ક્યારે સ્વતંત્ર થયો?

૨) તે પહેલાં એ દેશ કોનો હતો?

૩) અહીં ભારતીય પ્રથમ વાર ક્યારે અને કેવી રીતે આવ્યા?

૪) રાષ્ટ્રભાષા કઇ?

૫) આખો દેશ તહેવાર ભેગા મળીને ઉજવે છે?

બાળકોએ પોતાની રીતે જવાબ આપ્યા. શ્રી. જગુભાઇએ યાત્રાના બે પ્રસંગો કહ્યા.

બાળકોને ચોકલેટ આપી જાહેર કર્યું જેને ચાલતા ઉતરવું હોય તે હોલની બહાર નીચે રોકાશે.

એટલે સૌ રોડ ઉપર ૩, ૩ની હરોળમાં પ્રતીક્ષા કરતા ઉભા છે. ૬૦, ૬૫ ભાઇઓ બહેનો ઉત્સુક છે.

અને માની ગાડી આવે છે.

હરોળ પસાર કરી માની ગાડીમાંથી જ સૌને આગળ ચાલવા ઈશારો કરે છે.

સૌ ચાલવા માંડે છે અને ત્યાં જ મા ગાડીમાંથી ઉતરીને સૌની સાથે ઝડપથી ચાલવા માંડે છે.

ઝડપી ચાલ પછી ઝડપી દોડમાં પલટાઇ ગઇ. દોડતા, ચાલતા, હસતા, મા સાથે સૌ ઝડપથી દોડી રહ્યા છે.

૭, ૮ કેમેરા સતત ચાંપ દબાવતા રહ્યા છે.

સૌ ૧૦, ૧૫ મિનિટમાં તો એ પર્વતીય માર્ગ દોડીને ઉતરી ગયા.

મા સાથે યુવાનબહેન અતિ પ્રસન્ન બનીને સતત મંત્રગાન ગાતી રહી છે.

સૌને યાત્રા કર્યાનો અલૌકિક ઓચિંતો આનંદ મળ્યો છે.

નીચે આવી સૌ જયજયકાર કરે છે.

આજે કોઇ એક જીજ્ઞાસુ માને ઉપર પૂછતા હતા :

મા ભગવાન કદી અવતાર ધારીને સામાન્ય રૂપ શરીર ધરીને આવે ખરા?

એ પ્રશ્નનો માએ કશો જવાબ ના આપ્યો, કારણ ત્યારે સ્લેટ ન હતી.

પછી તો મા આ પદયાત્રામાં હતાં. પેલા જીજ્ઞાસુ ભક્ત ગાડીમાં નીચે પહોંચી ગયા હતા. તેમણે આ મા અને એમની મંડળીની પદયાત્રા—શીઘ્ર દોડ યાત્રા દૂરથી જોઇને તરત જ તેઓ મોટેથી જયજયકાર કરવા લાગ્યા.

યોગેશ્વર ભગવાન કી જય.

મા સર્વેશ્વરી માતકી જય.

મા આ જયકાર સાંભળી અચરજ પામે છે. કદાચ એના પ્રશ્નનો પ્રત્યુત્તર એને મળી ગયો હશે. (સંપૂર્ણ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# શ્રી યોગેશ્વરજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર

**ડો. અરૂણિકા મનોજ દરૂ**

### શ્રદ્ધા અને સબૂરી

ખૂબ નાની કહેવાય તેવી વયથી યોગેશ્વરજીને હિમાલયનું આકર્ષણ હતું. સામાન્ય રીતે જે વયે લોકો ખાવા પીવાનો આનંદ માણતા હોય, શરીરસુખ પર વિશેષ ધ્યાન આપતા હોય, શરીરસજાવટને પ્રાધાન્ય આપી, મિત્રો તથા સગાસંબંધીઓ સાથે સર્વ પ્રકારની મોજમજા કરતાં જીવન જીવતાં હોય, તે વર્ષોમાં, જીવનના સુવર્ણકાળમાં યોગેશ્વરજી ઊંઘ, આહાર અને મોજશોખનો ત્યાગ કરી, એકાંતમાં ઈશ્વરપ્રાપ્તિના ઉચ્ચઆશય માટે સાધના કરતા હતા. હિમાલય અને તેની આસપાસની પવિત્રભૂમિ—ગંગાજમાનાનો પ્રદેશ, હરદ્વાર, ઋષિકેશ, દેવપ્રયાગ, ઉત્તરકાશી, મસૂરી—વગેરે સ્થળોની યોગેશ્વરજીએ અનેકવાર મુલાકાત લીધી. વારંવાર ત્યાંના એકાંત સ્થળોએ નિવાસ કર્યો. ક્યારેક તેમના માતાજી સાથે, ક્યારેક ચંપકભાઇ સાથે તો ક્યારેક એકલા. સાવ નિર્જન સ્થળોએ પણ યોગેશ્વરજી નિર્ભયતાથી ઈશ્વર પરની શ્રદ્ધાના બળે વસવાટ કરી શકતા. શીરડીના સાંઇબાબાએ જનસામાન્યના જીવન માટે જરૂરી જે બે સદ્‌ગુણોના અમલનો બોધ કર્યો હતો તે શ્રદ્ધા અને સબૂરી—બન્નેનાં દર્શન યોગેશ્વરજીના જીવનમાં થાય છે. પ્રભુ પ્રત્યેની અચલ શ્રદ્ધા, નિશ્ચયની દઢતા, નિષ્ઠા, સતત પુરુષાર્થ, આદર્શની સિદ્ધિ માટેની લગન તથા પ્રામાણિકતાના બળે તેઓ આત્મવિકાસાર્થે પ્રકાશના પુણ્યપંથે ગતિ કરતા રહ્યા.

હિમાલયની હાડ ધ્રુજાવી નાખે તેવી ઠંડીમાં દશરથાચલના

શાંતાશ્રમમાં એક ટંક કેવળ ખીચડી ખાઈ—દાળ—શાક, ચટણી કે અથાણાં વગર—એકાદ વસ્ત્ર જ પહેરી, એક કામળો ઓઢી, રાતભર બેસી રહીને પ્રભુનું નામસ્મરણ કરતા, ધ્યાન ધરતા, પ્રાર્થના કરતા. ક્યારેક ખીચડી કાચી રહી હોય તો ખીણમાં પધરાવી દેતા, ક્યારેક કેવળ દૂધ પર દિવસો કાઢી નાખતા. ક્યારેક એકાંતરે કેવળ જળપાન કરીને, નવરાત્રીના દિવસોમાં ત્રીસ ત્રીસ ઉપવાસ કરતા. જીભ પરનો, સ્વાદેન્દ્રિય પરનો કેવો અદ્‌ભુત વિજય! આસપાસ કોઈ મનુષ્ય હોય જ નહીં એટલે બોલવાનો તો પ્રશ્ન જ નહીં. મોટે ભાગે મૌન રહેતું. જીભથી માણસ બે જાતની માયામાં ફસાઈ જાય. સ્વાદની પાછળ પડી જાતજાતના ભોગ ભોગવે અને એ વાનગીઓ બનાવવામાં જીવનનો મહત્ત્વનો સમય વેડફી નાખે. યોગેશ્વરજીએ તેમ ન થાય માટે એક ટંક ખીચડી બનાવવાનું રાખેલું. સમય, શક્તિ તથા ધનનો બચાવ થતો અને સ્વાદેન્દ્રિય કાબૂમાં રહેતી તે નફામાં, જીભથી માણસ વાણીનો વ્યવહાર કરે અને સાચુંખોટું બોલીને સંબંધો વધારે કે બગાડે. યોગેશ્વરજી મોટે ભાગે એકાંતમાં સાધના કરતા. મૌનવ્રત રાખતા એટલે વાણીના દુર્વ્યવહારનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નહીં. આમ જીભ પર તેમણે બે પ્રકારના સંયમ રાખ્યા. આહારસંયમ તથા વાણીસંયમ. બન્નેએ તેમની એકાન્તિક સાધનામાં ઘણો મહત્ત્વનો સાથ આપ્યો.

હિમાલયની આટલી ઠંડીમાં તેમણે વસ્ત્રોની જાઝી કડાકૂટ રાખી ન હતી. નાની સરખી કુટિયામાં એકાદ આસન પર બેસી નામસ્મરણ કરનારને ક્યાં દુનિયા સમક્ષ દેખાડો કરવાનો હતો કે શહેરમાં વસતા ઇતર નગરજનોની જેમ પૂરાં વસ્ત્રો કે અપટુડેટ પહેરવેશની જરૂર જણાય? ક્યારેક તો લંગોટીથી પણ કામ ચાલી જતું. નહીં તો સફેદ ખાદીનો દોઢેક વારનો ટુકડો શરીરના નીચેના ભાગને ઢાંકવા અને એથી થોડો મોટો ટુકડો કે અઢીવારની સફેદ ખાદીની ચાદર શરીરના ઉપરના ભાગને ઢાંકવા પર્યાપ્ત થઈ જતી. હિમાલયનાં કેટલાંક સ્થળોએ તો વળી પાણીની તકલીફ હતી. એટલે લંગોટી જેવું નાનું વસ્ત્ર જ અનુકૂળ પડે. કપડાં હાથે ધોવાના હોઈ, સમયની પણ બચત થાય તે પણ જોવાનું હતું.



ઊંઘ પર તો તેમણે કિશોરાવસ્થાથી જ કાબૂ મેળવી લીધો હતો. આપણે જોયું કે બોર્ડિંગમાં રહેતા હતા ત્યારે પણ રાત્રે જાગીને નામસ્મરણ કરવાની તેમને ટેવ હતી. ધીમે ધીમે તેમણે ગુડાકેશ અર્જુનની જેમ નિદ્રા પર પુષ્કળ સંયમ મેળવી લીધો હતો. ધ્યાનમાં બેસતા અને શરીરભાન ભુલાઈ જતું એટલે તત્પુરતો તેમના શરીરને આરામ મળી રહેતો.

જીવન—વ્યવહાર માટે સહુને નાણાંની તો જરૂર પડે જ. યોગેશ્વરજીનું તો જીવન જ એવું સંયમિત, એટલે અર્થવ્યય ખૂબ ઓછો, પરિણામે અર્થોપાર્જનની ચિંતા એ એમને માટે મોટી સમસ્યા ન હતી. વર્તમાન સમયમાં તો મોટા ભાગના માનવોને માટે સહુથી વધારે મોટી ને સળગતી સમસ્યા દ્રવ્યોપાર્જનની જ છે. યોગેશ્વરજીએ જીવનની જરૂરિયાતો જ એટલી મર્યાદિત કરી નાખી હતી કે આ પ્રશ્ન તેમને માટે નગણ્ય હતો. ઈશ્વર પરની અચળ શ્રદ્ધાને કારણે ચંપકભાઈ જેવા કોઈ માઈના લાલ મળી જતા જે તેમનો નજીવો ખર્ચ ઉપાડી લેતા અને તેથી પૈસા કમાવાની ઝંઝટમાં પડ્યા સિવાય, ભગવાન પર પૂરો ભરોસો રાખીને તેઓ નિર્વિઘ્ને સાધના કરી શકતા.

(ક્રમશઃ)

# સાક્ષાત્કાર—સગુણ—નિર્ગુણ

— પૂ. શ્રી મોટા

આધ્યાત્મિકતાના ક્ષેત્રોમાં સાક્ષાત્કાર એ એક ખૂબ ઊંચી અવસ્થા છે. લાખ્ખો સાધકોમાંથી કોક વિરલ સાધક ત્યાં સુધી પહોંચી શકે છે.

પૂ. મોટા આવા સાક્ષાત્કારી સંત હતા.

સાક્ષાત્કારની અનુભૂતિ એ મન અને બુદ્ધિથી પર એવી અવસ્થા છે. એ સમજી લેવું જોઇએ કે જ્યાં મન કે બુદ્ધિ ના હોય, ત્યાં વાણી પણ ના હોય. એટલે એ વર્ણનનો વિષય ના બની શકે. કિન્તુ માત્ર ને માત્ર અનુભૂતિ કરી શકાય. બીજી રીતે એને આ રીતે સમજાવી શકાય. ગોળ ગળ્યો છે. તેનું ગમે તેટલું વર્ણન પણ વાંચકને કશી અનુભૂતિ નહીં કરાવી શકે. એને માટે તો પૂછનારે જાતે જ ગોળ ખાવો પડે, તો એની મીઠાશની સમજ પડે. આમ છતાં પૂ.મોટાએ પોતાની એ અનુભૂતિને વાણી અને બુદ્ધિની મર્યાદા જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી પહોંચાડી આત્મિક સાધનામાં પ્રયત્નશીલ સાધકોને ઉપયોગી થાય, સાધનામાં સમજ તેમજ માર્ગદર્શન પૂરાં પાડ્યાં છે.

તંત્રી

સવાલ : તમારો સાક્ષાત્કાર ગીતાના 'પુરુષોત્તમ'નો સાક્ષાત્કાર ખરો કે? અને જો તેમ હોય તો સગુણ અને નિર્ગુણ બંનેનો સાક્ષાત્કાર એટલે દ્વૈત અને અદ્વૈત તથા પરમ અદ્વૈતનો પણ થયો એમ ગણી શકાય?

જવાબ : હા, ગણી શકાય ખરું.



સવાલ : સગુણ બ્રહ્મના સાક્ષાત્કારમાં તમોને શું થયેલું?

જવાબ : કૃષ્ણ બે ત્રણ વાર જણાયા હતા. દર્શન થયાં હતાં. તે કૃષ્ણ મુરલીધારી અને એવી રીતના નહિ, તેમ આ પાર્થિવ શરીરનાં તત્ત્વોના પણ નહિ. છતાં પરમ સૌંદર્યથી છલોછલ ભરપૂર અને અપાર તેજના અંબારથી ભરેલા સદેહી કૃષ્ણનાં દર્શન તે હતાં. બધું સૌંદર્યમય તે હતું. સૌંદર્ય જ સૌંદર્ય. અવર્ણનીય તે દર્શન હતું.

તે સ્વરૂપ એટલું અને એવું તો મનોહર અને હૃદય આકર્ષક હતું કે જેના આકર્ષણની તોલે બીજા કશાની પણ કલ્પના આવવી શક્ય નથી. તે મુલાયમ, આરપારદર્શક સ્ફટિક જેવું ખૂલતું, નીલવર્ણરંગી, જીવંત દર્શન હતું. દર્શન સ્થિર ન હતું, રમતું, હાલતું, ચાલતું પળમાં પાસે આવતું અને પળમાં થોડેક દૂર પણ જતું લાગતું, તો વળી પળમાં શરીરની અંદર પણ પેસી જતું અનુભવાતું, અને તે આધારના જુદાં જુદાં મનાદિકારણોને સ્પર્શતું અને ત્યાં કંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય એવું લાગ્યા કરતું હતું. ક્યાંક ક્યાંક તો તે અંદર પ્રવેશી તેનું તેનું સમારકામ કરતું પણ અનુભવાતું. ભ્રકુટિ અને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું એ હૃદયમાં બિરાજેલું પણ અનુભવાતું. ભ્રુકુટિ અને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું અને હૃદયમાં બિરાજેલું પણ અનુભવાતું હતું. સમગ્ર આધાર તપ્તવર્ણી ને પૂર્ણપ્રકાશથી આલોકિત થયેલો જણાતો હતો. પોતે પોતાને પણ અનુભવી શકાય એવી ભૂમિકા પણ અનુભવાતી હતી, તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો. તે શ્રીકૃષ્ણનું અલૌકિક દર્શન એટલું તો અદ્‌ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ,

કોમળ હતું કે ન પૂછો વાત! સમગ્ર શરીર તો વજન વગરનું બની ગયેલું હોય એવું લાગતું હતું અને અધ્ધર જ હોય તેવું પણ લાગતું. તેની અસર ચિરસ્થાયી સમગ્ર આધારમાં અને તેનાં કરણોમાં રહ્યા કરેલી અનુભવાયા કરેલી છે અને એની અસર તે પછીથી ચિરસ્થાયી એની કૃપાથી નીવડેલી છે.

આ અનુભવ પછીથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ અને દિવ્ય પ્રદેશોનાં વિઘ્નો પ્રગટેલાં ન હતાં એવું કશું નથી. તેવું બધું તો થયા કરેલું હતું, પણ તે દિવ્ય કૃપાથી મદદથી તેમનું નિવારણ થઇ શક્યું હતું.

આવાં તેનાં કૃપામય મંગળ દર્શન-અનુભવ પછીથી આધારના કેન્દ્રમાં કોઇક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાતો હતો, અને પછી તો કાયમ જ રહ્યો. ઉત્તરોત્તર જીવંતપણે વધારે પ્રકાશિત જ્વલંત પ્રગટતો રહ્યા કર્યો હતો.

એવાં પરમ દર્શનની પ્રાપ્તિ પછીથી તેનું મુગ્ધ અને આહ્‌લાદાકારક પરમ ચૈતન્યથી વિલસતું હૃદયગમ્ય આકર્ષણ એટલું બધું તો સજીવ અને ચેતનાત્મકપણે જીવનમાં પ્રગટે છે કે જેનું સાતત્ય કદી પછી તૂટી શકતું નથી. તેવા આકર્ષણનો ભાવ ઉત્તરોત્તર એટલો બધો તો ગાઢ પ્રગટ્યા કરે છે કે આપણે તેનાથી કરીને ભાવની સહજ અવસ્થામાં પ્રગટી જતા હોઇએ છીએ. એવો ભાવ જે પહેલાં દર્શનની સર્જન અવસ્થામાં જે એકમાં એકાગ્ર અને કેંન્દ્રિત હતો, તે ભાવ તેની એકાગ્રતા અને કેંદ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચે છે. તે બાદ તે જ ભાવને વિસ્તારની પાંખો પ્રગટે છે. તેવો ભાવ પછીથી તો કોઇક સુંદર રમણીય દૃશ્ય, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય, કોઇક નદીનું ખળખળ



વહેતું દૃશ્ય, નવપલ્લવિત થતું વૃક્ષ, સુંદર આરોગ્યપૂર્ણ બાળકનું દૃશ્ય કે એવું સ્થૂળ રૂપનું, કોઇ ભાવનામક વિચારનું વ્યક્તત્વ કે એવું કોઇક ભાવાત્મક ભજનઆવા આવા પ્રકારનું નિમિત્ત પ્રગટતાં તેવો ભાવ તેવાં તેવાં દર્શનથી કરી ઉત્કટપણે જેને પ્રગટે છે, એવા જીવાત્માને આપમેળે ભાવસમાધિ પ્રગટી જતી હોય છે. અને તેનાથી તે ધન્ય બનતો હોય છે. તેની અસર પણ તેને લાંબા ગાળા સુધી દિવસના કર્મવહેવારમાં અને રોજિંદા વર્તનમાં પણ જીવંત ચેતનાત્મકપણે રહ્યા કરે છે.

**સવાલ :** સગુણ પ્રાપ્તિમાં બીજી એટલે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ આવી જા ખરી?

**જવાબ :** ના, સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિનો સમાવેશ થઇ જ જાય તેમ નથી. તેમ જ નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં સગુણ બ્રહ્મની પ્રાપ્તિ આવી જ જાય તેમ પણ નથી. બંને જુદું જુદું છે. બંનેનો સાક્ષાત્કાર અલગ અલગ થતો રહે છે, પણ ગમે તે એક પ્રકારના સાક્ષાત્કારથી મુક્તિ મેળવી શકાય ખરી. બંનેની પ્રાપ્તિ વધુ સારી ગણાય.

સગુણ સાક્ષાત્કાર દર્શન અને સાક્ષાત્કાર વચ્ચે ભેદ છે તે સમજવા જેવું છે—યાને દ્વૈતનો સાક્ષાત્કાર તથા નિર્ગુણ યાને અદ્વૈતનો સાક્ષાત્કાર, તે બેમાંથી એક, બીજાથી ચઢિયાતો છે તેમ ન કહી શકાય. ગમે તે સાક્ષાત્કાર જેને થયો હોય તે મુક્ત થઇ શકે છે. બંને પ્રકારના સાક્ષાત્કાર થવા પણ અશક્ય છે. નરસિંહ મહેતા આદિ ભક્તોને બંને પ્રકારના સાક્ષાત્કારો થયેલા એમ કહી શકાય.

બંને પ્રકારનો સાક્ષાત્કાર થાય જ તેવો કશો નિશ્ચિત નિયમ

નથી. કોઈકને નિર્ગુણનો અનુભવ વહેલો થાય અને સગુણનો ના પણ થાય. યા પછીથી પણ થાય. કોઈકને સગુણનો અનુભવ પહેલો થાય અને નિર્ગુણનો ના પણ થાય. આમ હોવા છતાં બંને પ્રકારના અનુભવની કક્ષા એકબીજાની ચઢતી કે ઊતરતી છે તેવું કશું નથી.

ખરો સગુણનો સાક્ષાત્કાર એટલે પોતાના આધારમાં ચેતનની ગુણશક્તિનો પ્રાદુર્ભાવ થવો તે.

**સવાલ :** તમારો અદ્વૈતનો—નિરાકારનો—નિર્ગુણનો સાક્ષાત્કાર ક્યારે અને કેવી રીતે થયેલો? અને તે થયા બાદ તરત જ મુક્ત દશા શરૂ થયેલી કે થોડો સમય વચ્ચે વહી ગયેલો? થોડો કાળ વહી જાય ખરો?

**જવાબ :** ૧૯૩૯ના માર્ચમાં રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈતના સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઇ જઇને શરીરમાં પણ પ્રવેશ્યો. ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો, જેની દવા બનારસ યુનિવર્સિટીના આયુર્વેદિક કોલેજના ડીન શ્રી પાઠક સાહેબની કરાવેલી.

તે અનુભવની વેળાથી, ત્યારથી જ મુક્ત દશાની શરૂઆત થઇ ચૂકી.

'I am Omnipresent'

'હું સર્વત્ર વિદ્યમાન છું.' એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો અને છે.

તે કાળે જે અનુભવ થયો તે પણ એક સગુણનો અનુભવ



હતો. પરંતુ તેમાંથી તાત્કાલિક હનુમાનકૂદકો મારીને અથવા તો હનુમાન કૂદકાથી તેમાંથી નિર્ગુણના અનુભવમાં પ્રવેશવાનું બન્યું, તે અનુભવનું પોતાના આધારમાં સંપૂર્ણ પ્રતિષ્ઠિત થઇ જવાપણું બનીને તેમાં સંપૂર્ણ કેંદ્રિતતા જીવંતપણે પ્રગટીને તે પછી તેના ભાવનો વિસ્તાર થયા કરતો અનુભવમાં પ્રગટ્યા કર્યો. તેમાં તે ભાવરૂપે હતો તેમ પણ ન કહી  શકાય. જેમાં તેમાં તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય અને તેમ છતાં પાછો પોતે તે બધાંમાં હોવા છતાં નોખો પણ હોય અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી જીવનમાં પ્રગટવા માંડ્યો એમ જરૂર કહી શકાય. માતાને બાળક પરત્વે જે તાદાત્મ્યવૃતિ હોય છે, તે તો પ્રકૃતિવશાત્ હોય છે અને તે પણ તેમાં સળંગ એકધારું તાદાત્મ્ય હોતું નથી. બાબર અને હુમાયુનો દાખલો એ પણ એક જીવ પ્રકારની તેની પરત્વેની ઉત્કટમાં ઉત્કટ લાગણીનો પ્રાદુર્ભાવ ગણી શકાય અને તેવું તો એકાદ વાર બની જાય. જ્યારે ચેતનના ગુણધર્મમાં તે તે બધું પ્રકૃતિવશાત્ બનતું હોતું નથી અને તેવી ચેતનાત્મક તાદાત્મ્યતા સળંગ એકધારી તાદામ્ત્યા હંમેશને માટે તે ને તે સ્થિતિમાં જીવંત પ્રગટ્યા જ કરે એવું પણ હોતું નથી. ચેતનના તેવા અનુભવ પછીથી કોઈકનામાં તે અમુક કાળ સુધી પ્રવર્ત્યા કરે અને કોઇકને તે પછી તેવું ન પણ બને. કોઈકને તો વળી તેના આધારના રોમેરોમમાંથી પસાર થઈને અદશ્ય પણ થઇ જાય. જેનું શરીર ચેતનના આધારને માટે તેના ભાવની યથાયોગ્યતાના પ્રમાણમાં સંપૂર્ણપણે યોગ્યતાવાળું વિકસેલું ન હોય તો તેવાને કદાચ વધુ સમય તેવું બને ખરું.

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) – શ્રી યોગેશ્વરજી

કંસે કુત્રિમ સ્મિત કરતાં કહ્યું :

'તેં કુવલયાપીડ હાથીનો નાશ કર્યો તે જોઈને મને આનંદ થયો છે ને તારા અસાધારણ પરાક્રમનો ખ્યાલ આવ્યો છે. મારું મુખ્ય આમંત્રણ અને આયોજન તો કુસ્તી માટે છે. ચાણૂર અને મુષ્ટિક એને માટે તૈયાર થઈને ઊભા રહ્યા છે ને દર્શકો પણ આતુર બન્યા છે. હાથીને મારવો એ એક વાત છે ને ચાણૂર તથા મુષ્ટિકને હરાવવાની વાત બીજી જ છે. કોણ વધારે પરાક્રમી છે તે હમણાં જ જણાઈ આવશે.'

કૃષ્ણે કહ્યું :

'મારી ઉંમર અને કાયા કુસ્તી કરવા લાયક ભાગ્યે જ છે તોપણ હું કોઈનાથી નથી ડરતો. ચાણૂર તથા મુષ્ટિક જેવા મલ્લોની સાથે તો શું તારી પોતાની સાથે પણ કુસ્તી લડવાની મારી તૈયારી છે.'

'મારી સાથે પણ?'

'હા. તારી ઈચ્છા હોય તો તારી સાથે પણ.'

કંસ ખંધું હસીને બોલ્યો :

'મારી સાથે કોણ લડી શકે તેમ છે? જેનો કાળ આવ્યો હોય તે જ.'

'જેનો કાળ આવ્યો હોય તે નહીં પણ જે તારો કાળ થઈને આવ્યો હોય તે જ.'



'તે તો બોલવાથી નહીં, લડવાથી ખબર પડશે. પહેલાં ચાણૂર તથા મુષ્ટિક સાથે તો લડી જો!'

રંગભૂમિમાં ચારે તરફ ગણગણાટ થવા લાગ્યો.

સૌને થયું કે સુકુમાર શરીરના કૃષ્ણ કુસ્તીને યોગ્ય ભાગ્યે જ છે.

પરંતુ કંસને એની નહોતી પડી.

એ તો કૃષ્ણનું કાસળ કાઢવાનો જ ઘાટ ઘડી ચૂકેલો.

કુસ્તી તો એમાં કેવળ નિમિત્તરૂપ હતી.

કંસની અનુમતિથી કૃષ્ણે ચાણૂર સાથે ને બળરામે મુષ્ટિક સાથે કુસ્તી કરવા માંડી.

કુસ્તીના પ્રારંભ પહેલાં ચાણૂરે કૃષ્ણને કહ્યું :

'કુસ્તી તો સમાન સાથે જ કરવાની હોય. અમારા જેવા વયોવૃદ્ધ પુરુષો તમારા જેવા કિશોરો સાથે કુસ્તી કરે તે બરાબર ના કહેવાય. હજુ પણ તમે બંને વિચાર ફેરવીને પાછા વળી જાવ તો સારું. પછી કાંઈક થાય તો મને દોષ ના દેતા.'

કૃષ્ણે કહ્યું :

'અમે વિચાર કરેલો જ છે. અમારી સાથે કુસ્તી કરવાનો તમારો વિચાર ના હોય તો જુદી વાત છે પરંતુ અમે તો કૃતનિશ્ચય છીએ. અમે કિશોરો હોવા છતાં કુસ્તીના અનુભવીઓ છીએ.'

બળરામે એના અનુસંધાનમાં જણાવ્યું :

'અને તમારા બંનેના વિજેતા થવાની કે જરૂર પડ્યે કાળ બનાવાની શક્તિ ધરાવીએ છીએ.'

'એટલો બધો અહંકાર?' મુષ્ટિકે પૂછ્યું.

'અહંકાર અમને નથી, તમને છે.'

'તમને બંનેને ચપટીમાં ચોળી નાખવાની મારા એકલામાં જ શક્તિ છે. જીવનભર મેં દાવપેચ ખેલીને કેટલાય મલ્લોને મારી કે હરાવી નાખ્યા છે.'

કૃષ્ણે કહ્યું :

'એ બધા મલ્લો નહીં હોય ને હશે તોપણ અમારા સરખા શક્તિશાળી તો નહીં જ હોય.'

'તમને શક્તિશાળી કોણ કહે છે? ગોકુલ ને વૃંદાવનની પછાત ભૂમિમાં થોડાંક પરાક્રમો કરવાથી કોઈ શક્તિશાળી બની જતું હશે?'

'એનો નિર્ણય આપણે નહીં કરીએ, આ દર્શકોનું વિશાળ વૃંદ કરશે.'

કંસે કહ્યું :

'બહાદુરો કદી નિરર્થક વાદવિવાદો નથી કરતા. મેં યોજેલી આ કુસ્તી યાદગાર બની જવી જોઈએ. હવે એનો પ્રારંભ કરો.'

વિવિધ વાદ્યોના નાદ વચ્ચે કુસ્તી શરૂ થઈ.

ચાણૂર અને મુષ્ટિક કૃષ્ણ તથા બળરામ સાથે જુદાજુદા દાવપેચ અજમાવતા કુસ્તી કરવા માંડ્યા.

કંસ અતિશય આતુરતાપૂર્વક એનું નિરીક્ષણ કરવા લાગ્યો.

પરંતુ એ દિવસ એ ત્રણેને માટે અત્યંત અમંગલ સાબિત થયો.

લડતાં લડતાં થાકી ગયેલો ચાણૂર છેવટે કંસની પાસે પહોંચી ગયો.

કંસે એની દયનીય દશા દેખીને વાદ્યો બંધ કરાવી દીધાં.



વાતાવરણ છેક નિસ્તબ્ધ બની ગયું.

એ જ વખતે કૃષ્ણે એક ક્ષણમાત્રમાં ચાણૂરને પૃથ્વી પર પછાડીને એની છાતી પર ચઢી બેસીને મુક્કાનો પ્રહાર કર્યો.

એ પ્રહારથી એના જીવન પર પડદો પડી ગયો.

બીજી બાજુએ બળરામે મુષ્ટિકને પણ એવી જ રીતે જમીન પર પછાડીને મારી નાખ્યો.

કૃષ્ણે કહ્યું :

'આ દુષ્ટ મલ્લોએ કેટલાય પરાજિત મલ્લોને મારી નાખેલા અને કંસના આદેશથી અમને મારી નાખવાની યોજના કરેલી, પરંતુ અમારો વાળ પણ વાંકો કરી શકે એ પહેલાં જ પોતાનો પ્રાણ ખોઈ નાખ્યો. એ સમાજવિરોધી દુષ્ટ તત્ત્વોને એમનાં કુકર્મોનો બદલો મળ્યો.'

દર્શકોએ કૃષ્ણ તથા બળરામનો જયજયકાર કર્યો.

એ જયજયકારથી સમસ્ત પ્રજા એમની સાથે છે એવી છાપ પડી.

કંસ એ જયજયકારથી ક્રોધે ભરાયો.

**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.